

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 174
Dt.: 30-04-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


### વડાપ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટી પર કર્યા આકરા પ્રહારો

# સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે

## ઉત્તર પ્રદેશનાના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છેઃ વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરવા ઉત્તર પ્રદેશના હરદોઈ પહોંચ્યા હતા, જ્યાં તેઓએ ગંગા એક્સપ્રેસ હાઈવેનું ઉદ્ઘાટન કર્યા બાદ એક સભાને સંબોધતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૭માં યોજાનારી યુપી વિધાનસભાની ચૂંટણી માટે લક્ષ્ય પણ નક્કી કરી દીધું.

પીએમ મોદીએ કહ્યું કે, આપણું ઉત્તર પ્રદેશ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણની પવિત્ર ભૂમિ છે, પરંતુ પાછલી સરકારોએ પોતાની કરતૂતોને કારણે યુપીની ઓળખ અપરાધ અને જંગલરાજની બની ગઈ હતી. યુપીના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી. પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છે. નારી શક્તિ વંદન સંશોધન બિલનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, "સંસાધનોની આડેધડ વહેંચણી કરનાર સપાના હાથમાંથી સત્તા ચાલી ગઈ છે, તેથી તેમને ઉત્તર પ્રદેશની આ પ્રગતિ જરાય પસંદ નથી આવતી. તેઓ એક વાર ફરી યુપીને જૂના સમયમાં ધકેલવા માંગે છે અને રાજ્યને જાતિમાં વહેંચવા માંગે છે. સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે. તેથી જ તેણે સંસદમાં મહિલાઓના અધિકારના બિલને પાસ થવા દીધું ન હતું." પીએમ મોદીએ કહ્યું કે, તાજેતરમાં જ દેશના લોકોએ એક વાર ફરી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો અસલી ચહેરો જોયો છે. કેન્દ્ર સરકાર સંસદમાં નારી શક્તિ વંદન સંશોધન બિલ લાવી. જો આ બિલ પાસ થઈ ગયું



હોત તો ૨૦૨૯ની ચૂંટણીઓથી મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં અનામત મળેત. મોટી સંખ્યામાં અમારી માતાઓ અને બહેનો સંસદ અને વિધાનસભામાં પહોંચી શકેત, તે પણ અન્ય કોઈ વર્ગની સીટો ઘટાડ્યા વગર. પરંતુ સપાએ આ સુધારાની વિરુદ્ધ મત આપ્યો." તેમણે કહ્યું કે, "આ બિલથી રાજ્યોની સીટો પણ વધેત. અમે સ્પષ્ટ કહ્યું હતું કે તમામ રાજ્યોની સીટો એકસરખા પ્રમાણમાં વધશે. પરંતુ યુપીને ગાળો આપીને રાજકારણ કરનારી ડીએમકે જેવી પાર્ટીઓને વાંધો હતો કે યુપીની સીટો કેમ વધશે? સમાજવાદી પાર્ટી પણ સંસદમાં તેમના સાથે સૂરમાં સૂર મિલાવી રહી હતી. આ સપાવાળા તમારા વોટ લઈને સંસદમાં જાય છે અને સંસદમાં યુપીના લોકોને ગાળો આપનારાઓની સાથે ઊભા રહી જાય છે. તેથી જ યુપીના લોકો કહે છે કે સપાવાળા ક્યારેય ન સુધરે. તેઓ મહિલા વિરોધી રાજકારણ જ કરે છે. સમાજવાદી પાર્ટી કુટુંબવાદ અને જાતિવાદથી ઉપર ઊઠી શકતી નથી. યુપીએ સમાજવાદી પાર્ટી અને તેના સાથીઓથી સાવધાન રહેવું પડશે."

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે એટલે કે ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ગંગા એક્સપ્રેસવે, દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે, રેપિડ રેલ જેવા મોટા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સામે એક મોટું લક્ષ્ય નક્કી કરી દીધું છે.

બીજી તરફ, નારી શક્તિ વંદન સંશોધન બિલ પર પણ ભાજપ વિરોધીઓને સતત ઘેરી રહ્યું છે. આવી સ્થિતિમાં ભાજપે યુપી વિધાનસભા ચૂંટણી માટે એક મોટું લક્ષ્ય સેટ કરી દીધું છે, જ્યાં સુધી પહોંચવું સપા અને કોંગ્રેસ માટે ખૂબ જ મુશ્કેલ સાબિત થવાનું છે.

### જ્યાં જ્યાં EVM પર લાગી ટેપ, ત્યાં ફરીથી મતદાનના આદેશ

# EVMમાં ભાજપના બટન પર લગાવી ટેપ, બંગાળમાં ચૂંટણી વચ્ચે TMC પર ધાંધલીનો આરોપ

## ટીએમસી ઉમેદવારના નજીકના સહયોગી જહાંગીર ખાનની પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. ડાયમંડ હાર્બર લોકસભા મતવિસ્તારમાં આવતી ફાલ્ટા બેઠક સમાચારમાં છે. મતદાનના દિવસે EVM સાથે ચેડા અને ડક્ટ ટેપથી ઢંકાયેલા બટનોના ગંભીર આરોપો સામે આવ્યા હતા. અભિષેક બેનર્જીના મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર દેવાંશુ પાંડાએ આરોપ લગાવ્યો હતો કે ઘણા બૂથ પર, તેમના નામની બાજુના બટનો અને EVM મશીનો પર પાર્ટીના ચૂંટણી પ્રતીક પર ટેપ લગાવવામાં આવી હતી જેથી મતદારો ભાજપની તરફેણમાં મતદાન ન કરી શકે.

ભાજપ IT સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો શેર કર્યો હતો, જેમાં EVM બટનોને ઢાંકતી ટેપ દેખાઈ રહી હતી. તેને ડાયમંડ હાર્બર મોડેલ ગણાવતા તેમણે કહ્યું હતું કે, "મમતા બેનર્જી આવા ગુનેગારો (જહાંગીર ખાન) ને રક્ષણ આપી રહ્યા હતા. ઘણા બૂથ પર ભાજપને મત આપવાનો વિકલ્પ ટેપથી બંધ કરી દેવામાં આવ્યો છે. માલવિયાએ ખાસ કરીને બૂથ નંબર ૧૪૪, ૧૭૦ અને ૧૮૯નો ઉલ્લેખ કર્યો હતો.

એ નોંધવું જોઈએ કે ટીએમસી ઉમેદવાર અને અભિષેક બેનર્જીના નજીકના સહયોગી જહાંગીર ખાનનો અગાઉ પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ થઈ હતી. શર્માએ મતદાન પહેલાં જહાંગીર ખાન અને તેમના પરિવારને ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચાડવા ચેતવણી આપી હતી. મતદાનના દિવસે, જહાંગીર ખાન તેમના પક્ષ કાર્યાલયના યુદ્ધ ખંડ સુધી સીમિત રહ્યા, જ્યારે તેમના સમર્થકો અને પોલીસ વચ્ચે બહાર તણાવ ચાલુ રહ્યો.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજકુમાર અગ્રવાલે કહ્યું કે જે પણ મતદાન કેન્દ્ર પર ઈવીએમ ઉપર કાળી કે સફેદ ટેપ લગાવવામાં આવી છે ત્યાં ફરીથી મતદાન કરાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ વિધાનસભા વિસ્તારમાં મોટી સંખ્યામાં બુથમાંથી આ પ્રકારની ટેપ મળવાની ઘટનાઓ સામે આવશે તો સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ફરીથી મતદાન કરાવવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં EVM સાથે છેડછાડ અથવા મતદાન મથકોમાં ગોટાળાના આરોપો નવા નથી. ૨૦૨૧ની ચૂંટણી દરમિયાન અનેક મતવિસ્તારોમાં આવા જ વિવાદો જોવા મળ્યા હતા. ચૂંટણી પંચે આ વખતે મતદાન મથકોની અંદર અને બહાર શાંતિ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા માટે NIA અને વધારાના કેન્દ્રીય દળો તૈનાત કર્યા છે. રસપ્રદ વાત એ છે કે શેર કરાયેલા વીડિયોમાં માત્ર ભાજપના ઉમેદવાર જ નહીં પરંતુ CPM ઉમેદવારના બટનો પર ટેપ બતાવવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, ડાબેરી પક્ષે હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી.

# ૧૯ હજાર ઉપાડવા બેન્કે પુરાવા માગ્યા ભાઈ બહેનનું હાડપિંજર લઈ પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુવનેશ્વર

ઓડિશાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઇ રહ્યો છે, વીડિયોમાં એક આદિવાસી પોતાની બહેનનું હાડપિંજર ખભા પર ઉચકીને લઇ જતો જોવા મળ્યો હતો. બહેનનું ગ્રામીણ બેન્કમાં ખાતું હતું જેમાં ૧૯૦૦૦ રૂપિયા જમા હતા, બેન્કવાળા પુરાવા માગી રહ્યા હતા અને દોડાવી રહ્યા હતા તેથી ભાઇ પોતાની મૃત બહેનનુ હાડપિંજર લઇને બેન્ક પહોંચી ગયો હતો. આ સમગ્ર ઘટનાને લઇને લોકો વ્યવસ્થા પર સવાલો ઉઠાવી રહ્યા છે.



૫૦ વર્ષના જીતુ મુંડા ઓડિશાના કેઓનજાહરના દીયાનાલી ગામના રહેવાસી છે, તેમની ૫૬ વર્ષીય બહેન કલરા મુંડાનું ઓડિશા ગ્રામીણ બેન્કમાં ખાતું હતું, જેમાં તેના નામે આશરે રૂ. ૧૯૩૦૦ જમા હતા. આ દરમિયાન બહેનનું નિધન થયું તેથી લાંબા સમય બાદ જીતુ મુંડા બહેનના ખાતામાં જમા રૂપિયા ઉપાડવા ગયા પરંતુ બેન્કવાળાઓએ કોઇ જ યોગ્ય જવાબ ના આપ્યો અને બહેન મૃત્યુ પામી છે તેના પુરાવા માગ્યા.

જીતુએ બેન્કવાળાઓને આજીજી કરી અને અનેક વખત મુલાકાત લીધી પરંતુ કોઈ જ પરિણામ ના આવ્યું. અંતે આ જટિલ વ્યવસ્થા સામે હારી ગયેલા જીતુ મુંડાએ પોતાની બહેનના હાડપિંજરને જ ખોદી કાઢ્યું અને ખભા પર ઉડાવીને બેન્કે પહોંચી ગયા હતા. આ જોઇને બેન્ક કર્મચારીઓ તો ચોંકી ઉઠયા હતા સાથે સાથે તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર લોકોએ જટિલ અને જડ વ્યવસ્થાને લઇને ભારે રોષ ઠાલવ્યો હતો.

લોકોએ જીતુ મુંડાને સમર્થન આપ્યું અને સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું તેથી અંતે આ જટિલ વ્યવસ્થાને સંભાળનારાઓએ ઝુકવુ પડયું હતું, બાદમાં બેન્કના અધિકારીઓ, એડિશનલ મામલતદાર સહિતની પુરી ટીમ જીતુ મુંડાને પાસે તેના ગામમાં પહોંચી હતી.

જીતુ મુંડાને આમ તેમ દોડાવવા મજબુર કરનારા આ અધિકારીઓ માત્ર કલાકોમાં જ રૂપિયા આપવા જીતુ મુંડા પાસે પહોંચી ગયા હતા અને તેની તસવીર પણ લીધી હતી.

### ઈરાનની વધી રહી છે મુશ્કેલીઓ

# નહીં ખુલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, ટ્રમ્પે બનાવી લાંબી અને ખતરનાક યોજના

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વભરમાં ઈંધણ પુરવઠા માટેનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. જો કે, છેલ્લા બે મહિનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી આ માર્ગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે. શિપિંગ બંધ કરવામાં આવ્યું છે, અને ઘણા દેશોમાં ઈંધણની અછત પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહી છે. આ દરમિયાન, એવા અહેવાલો છે કે આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહી શકે છે. આ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી યોજનાને કારણે છે. એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ટ્રમ્પ હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરીને ઈરાનને કાયમી ફટકો મારવાની યોજના બનાવી રહ્યા છે. આ સમાચાર વોલ સ્ટ્રીટ જર્નલમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ પર આધારિત છે. અહેવાલ મુજબ, ટ્રમ્પ હોર્મુઝની લાંબી નાકાબંધીની યોજના બનાવી રહ્યા છે. ટ્રમ્પે તેમના અધિકારીઓને "લાંબા ગાળાના યુદ્ધવિરામ" માટે તૈયારી કરવા પણ સૂચના આપી છે.

અહેવાલ છે કે ટ્રમ્પે અગાઉ બે અન્ય વિકલ્પો પર વિચાર કર્યો હતો, જેમાં કાં તો ઈરાન પર હુમલા ફરી શરૂ કરવા અથવા કાયમી ધોરણે યુદ્ધનો અંત લાવવા. જો કે, બંને વિકલ્પો અમેરિકા માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. તેથી, ટ્રમ્પે હવે નાકાબંધી ચાલુ રાખવા અને ઈરાન પર આર્થિક દબાણ લાવવાનું નક્કી કર્યું છે. યુએસ ઈરાનની તેલ નિકાસમાં વિક્ષેપ પાડીને ઈરાનને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

હોર્મુઝ સ્ટ્રેટ ઈરાનની તેલ નિકાસ માટે મહત્વપૂર્ણ છે, અને આ માર્ગ દ્વારા ઈરાની તેલ ટેક્રરોની અવરજવરને પ્રતિબંધિત કરીને, અમેરિકા આ જીવનરેખાને કાપી નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુ.એસ.એ નાકાબંધી લગાવ્યા પછી, ઈરાનની નિકાસમાં તીવ્ર ઘટાડો થયો છે, અને તેની અર્થવ્યવસ્થા પર અસર હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે. યુ.એસ. અધિકારીઓ માને છે કે આ વ્યૂહરચના સીધા યુદ્ધને ટાળીને ઈરાન પર દબાણ જાળવવાનો સંતુલિત માર્ગ છે. નિકાસ ફ્રીઝ પછી, અહેવાલો સૂચવે છે કે ઈરાને એટલું બધું તેલ એકઠું કર્યું છે કે તે તેને સંગ્રહિત કરી શકતું નથી. અહેવાલો સૂચવે છે કે ઈરાન પાસે હવે ફક્ત ૧૨થી ૨૨ દિવસ માટે સ્ટોરેજ સ્પેસ છે. સ્ટોરેજ ખતમ થતાં જ, ઈરાનને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી શકે છે, જેની સીધી અસર ઈરાની સરકારની આવક પર પડશે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે ઈરાન હવે અનેક અસામાન્ય પગલાં લઈ રહ્યું છે. ઈરાને તેના જૂના અને લાંબા સમયથી બંધ કરાયેલા ટેક્રરોનો ફરીથી ઉપયોગ શરૂ કરી દીધો છે.

### ચૂંટણીલક્ષી રાહત પૂરી, ૨૯મી પછી પેટ્રોલ-ડીઝલના ભાવ વધશેઃ રાહુલ ગાંધી

# ATFના ભાવ ઘટાડો નહીં તો અમારા વિમાનો ઉડતા બંધ થઈ જશે : એરલાઈન્સ

## પશ્ચિમ એશિયાની તંગદીલી અને ખનિજતેલના વધેલા ભાવોના પગલે એરલાઈન ઉદ્યોગ પર સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી દેશના મહત્વની એરલાઈન્સ કંપનીઓએ સરકારને જણાવ્યું છે કે દેશનો એરલાઈન ઉદ્યોગ ભારે દબાણ હેઠળ પસાર થઈ રહ્યો છે અને "અમે અમારા વિમાનો ઉડાડવાનું બંધ પણ કરી શકીએ તેમ છીએ કેમ કે અમારા તમામ ઓપરેશન્સ બંધ થવાના" આરે આવીને ઉભા છે. તેઓએ ATF (એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં ઘટાડો કરવાની અને આર્થિક સહાયની કરવાની માંગ કરી છે.પશ્ચિમ એશિયામાં તંગદિલી વધવાથી ખનિજતેલના ભાવ વધી ગયા છે અને એર સ્પેસ પર પ્રતિબંધોને કારણે એરલાઈન્સના ઓપરેટિંગ ખર્ચમાં વધારો થયો છે. ATF એરલાઈનના કુલ ઓપરેશનલ ખર્ચમાં લગભગ 40 ટકા હિસ્સો ધરાવે છે. ફેડરેશન ઑફ ઈન્ડિયન એરલાઈન્સ (FIA)એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને વિનંતી કરી છે કે પહેલાં જેમ "ક્રેક બેન્ડ" પદ્ધતિ અમલમાં મુકાઈ હતી, તે મુજબ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને ઓપરેશન્સ માટે સમાન ઈંધણ ભાવ પદ્ધતિ લાગુ કરવામાં આવે. જેટ ફ્યુઅલના ભાવમાં વધારો અને કાચા તેલ તથા ATF વચ્ચેના ઊંચા ભાવ તફાવતને કારણે એરલાઈન્સના સંચાલન માટે મોટી પડકારજનક પરિસ્થિતિ ઉભી થઈ છે. " કોઈપણ એડ-હોક ભાવ નક્કી કરવું અથવા ATFના ભાવમાં અયોગ્ય વધારો એરલાઈન્સ માટે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન લાવશે અને વિમાનોને જમીન પર રાખવાની ફરજ પડશે, જેના પરિણામે ફ્લાઈટ રદ થશે," એમ એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટનું પ્રતિનિધિત્વ કરતાં ફેડરેશને જણાવ્યું. 26 એપ્રિલના પત્રમાં તેમણે કહ્યું, "હાલની પરિસ્થિતિમાંથી બહાર આવવા, જીવંત રહેવા અને ઓપરેશન્સ ચાલુ રાખવા માટે તાત્કાલિક અને મહત્વપૂર્ણ આર્થિક સહાય માટે અમે આપનો તાત્કાલિક હસ્તક્ષેપ માંગીએ છીએ." એરલાઈન્સે ATF પર લાગતા 11 ટકા એક્સાઈઝ ડ્યુટીમાં તાત્કાલિક રાહત (સ્થગિત કરવી)ની માંગ પણ કરી છે. તેમણે જણાવ્યું કે, "સંકટ પહેલાંની તુલનામાં ATFના ભાવમાં અસામાન્ય વધારો અને રૂપિયા કમજોર થવાથી, 11 ટકા એક્સાઈઝ ડ્યુટીનો ભાર પણ ઘણો વધી ગયો છે."કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચેતવણી આપતાં જણાવ્યું છે કે, 29મી એપ્રિલે વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થવાની સાથે જ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો ઝિંકાશે. પશ્ચિમ એશિયાના યુદ્ધને પગલે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારાના ભણકારા વચ્ચે રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, ચૂંટણીલક્ષી રાહત હવે પૂરી થઈ છે. મોંઘવારીનો ગાળિયો વધુ મજબૂત બનશે. 29 એપ્રિલ પછી પેટ્રોલ, ડીઝલ સહિતની તમામ વસ્તુઓ મોંઘી થશે. ઓઈલ સસ્તું હતું ત્યારે મોદી સરકારે નફો રળી લીધો, હવે જ્યારે ક્રૂડ મોંઘું થઈ રહ્યું છે ત્યારે આ વધારાનો બોજ તમારા માથે નાખશે.




# તંત્રી લેખ......

## મમતા બેનર્જી સામે પોતાના ગઢને બચાવવાનો પડકાર છે

આ મહિનાની ૯મી તારીખે શરૂ થયેલી ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આજે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે બીજા તબક્કાના મતદાન પછી, બધાની નજર ૪ મેના રોજ ચૂંટણી પરિણામો પર રહેશે. બંગાળના ચૂંટણીના પ્રથમ તબક્કામાં રેકોર્ડ ૯૨ ટકા મતદાન બાદ, શાસક તૃણમૂલ કોંગ્રેસ અને વિપક્ષ ભાજપ વિજયનો દાવો કરી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસ આ બમ્પર મતદાનને મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં વિશ્વાસના સંકેત તરીકે દર્શાવી રહી છે, જ્યારે ભાજપ તેને સત્તા વિરોધી વલણ તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે. ૧૫૨ બેઠકોનો પ્રથમ તબક્કો મુખ્યત્વે ઉત્તર બંગાળ અને જંગલમહલ ક્ષેત્રમાં કેન્દ્રિત હતો, જ્યારે બીજો તબક્કો દક્ષિણ બંગાળમાં યોજાશે, જે સત્તાની ચાવી હોવાનું કહેવાય છે.


બંગાળના રાજકીય વર્તુળોમાં એક સામાન્ય કહેવત છે કે જે કોઈ પણ પ્રેસિડેન્સી વિસ્તારો જીતે છે તે નબન્ના (પશ્ચિમ બંગાળ સરકાર સચિવાલય) પર નિયંત્રણ મેળવે છે. આ વિધાનસભા ચૂંટણી મમતા બેનર્જી અને તેમના પક્ષ માટે મહત્વપૂર્ણ છે, કારણ કે હાર તેમને હાંસિયામાં ધકેલી શકે છે. તૃણમૂલ કોંગ્રેસ મુખ્યત્વે બંગાળ-કેન્દ્રિત પક્ષ છે, અને પડોશી રાજ્યોથી ગોવા સુધી રાજકીય રીતે વિસ્તરણ કરવાના તેના પ્રયાસો નિષ્ફળ ગયા છે. આ સ્થિતિમાં, બંગાળ હારવાથી તેની રાજકીય રાજધાનીને સંપૂર્ણપણે ખતમ થઈ જશે. જો કે, વિજય માત્ર બંગાળમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય રાજકારણમાં પણ મમતા બેનર્જીનું કદ નોંધપાત્ર રીતે વધારશે.

જ્યોતિ બસુ અને નવીન પટનાયક પછી, તે સતત ચોથી મુદત માટે સફળતાપૂર્વક સત્તામાં પાછા ફરનારા કોઈ મોટા રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બનશે. બંગાળના રાજકીય વાતાવરણને ધ્યાનમાં લેતા, રાજ્ય લાંબા સમયથી એકવિધ પેટર્નનું પાલન કરે છે. ૧૯૭૭ થી ૨૦૨૬ ની વચ્ચે, અહીં ફક્ત એક જ વાર સત્તા પરિવર્તન થયું હતું, જ્યારે ૨૦૧૧ માં, મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસે ત્રણ દાયકાથી વધુ જૂના ડાબેરી મોરચાને હાંકી કાઢ્યું હતું. ત્યારથી, મમતા અને તૃણમૂલ કોંગ્રેસ સત્તા પર પ્રભુત્વ ધરાવે છે.

પ્રથમ તબક્કામાં મતદાન થઈ રહેલી ૧૫૨ બેઠકોમાં હરીફ ભાજપની તાકાતને અવગણી શકાય નહીં. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જીતેલી ૭૭ બેઠકોમાંથી ૫૯ બેઠકો આ મતવિસ્તારોની હતી. બીજા તબક્કામાં મતદાન થઈ રહેલી ૧૪૨ બેઠકોમાંથી, તૃણમૂલ કોંગ્રેસે ૧૨૩ બેઠકો જીતી હતી, જેમાં ભાજપ પાસે માત્ર ૧૮ બેઠકો રહી હતી. એ સ્પષ્ટ છે કે જો ભાજપ રાજ્યમાં સત્તા પરના પોતાના દાવાને મજબૂત બનાવવા માંગતી હોય, તો તેણે કોલકાતા, હાવડા, હુગલી, નાદિયા અને ૨૪ પરગણામાં જીત મેળવવી પડશે. આ વિના, તૃણમૂલ કોંગ્રેસને પડકારવાનું મુશ્કેલ બનશે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં, જ્યારે તૃણમૂલ કોંગ્રેસે ૪૮ ટકા મત મેળવ્યા હતા, ત્યારે ભાજપે ૩૮ ટકા મત મેળવ્યા હતા. આ વિશાળ માર્જિનના પરિણામે તૃણમૂલ કોંગ્રેસે ૨૧૫ બેઠકો જીતીને તેના ઇતિહાસમાં સૌથી મોટી રાજકીય જીત મેળવી. હવે, એ જોવાનું બાકી છે કે તૃણમૂલ કોંગ્રેસ તેની લીડ જાળવી શકશે કે ભાજપ તેના રાજકીય પાયામાં પ્રવેશ કરી શકશે કે નહીં. આ પ્રશ્નનો જવાબ ઘણા સ્તરોમાં રહેલો છે.

# ગુજરાત સરકારના ૬ મંત્રીઓ પોતાનો ગઢ ન સાચવી રાખ્યો: ઘરઆંગણે ભાજપને ન જીતાડી ધબડકો વાળ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૨૮ એપ્રિલનો દિવસ ગુજરાતના રાજકારણ માટે ખુબ જ રસાકસી વાળો રહ્યો હતો. કારણ કે ગઈ કાલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામો આવ્યા જેને એક રીતે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીની સેમીફાઈનલ તરીકે જોવામાં આવી રહી હતી. ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં ભાજપે અગાઉના તમામ રેકોર્ડના ભુકકા બોલાવી પોતાનુ સંખ્યાબળ વધારી ભવ્યાતિભવ્ય વિજયનો પરચમ લહેરાવી દોઢ વરસ બાદ ૨૦૨૭ ના અંતમાં આવનારી વિધાનસભાની ચુંટણી માટે ફરી એકવાર જીત પાકી કરી લીધી છે. જેમાં જગદીશ વિશ્વકર્માની મહેનત ફળી હોય તેવુ ભાજપના નેતાઓ કહી રહ્યા છે. જો કે આ શાનદાર બાદ કમલમ ખાતે ભાજપની બેઠક યોજાવવાની છે. જેમાં જીતનુ વિશ્લેષણ કરવામાં આવશે, આ જીતની ખુશીની બીજી તરફ રાજય સરકારના કેબિનેટ મંત્રીઓ અને રાજય કક્ષાના મંત્રીઓ કુલ ૬ મંત્રીઓ પોતાના ઘર આંગણે ભાજપને જીતાડવામાં નિષ્ફળ રહ્યા છે. ગુજરાત સરકારના ૬ મંત્રીઓ ઘરઆંગણે જ ભાજપને જીતાડી શકયા ન હતા. તેના પરથી વિચારવા જેવુ છે કે ગુજરાત સરકારના મંત્રીઓ પોતાના મતવિસ્તારના વિકાસના કામોમાં પણ નિષ્ફળ રહ્યા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જેમાં શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાના ગામમાં કોંગ્રેસનો વિજય થયો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીના બગદાણામાં કોંગ્રેસનો વિજય થયો છે. વન મંત્રી અર્જુન મોઢવાડીયાના ગામમાં આમ આદમી પાર્ટીની જીત થઈ છે. તો બીજી તરફ રાજય કક્ષાના મંત્રી પી સી બરંડાની ભિલોડા, મેઘરજ અને શામળાજી બેઠક પર ભાજપની હાર થઈ છે. મંત્રી ત્રિકમ છાંગા ના ગામ કચ્છના રતનાલમાં કોંગ્રેસનો વિજય પ્રારંભ થયો છે. તો બીજી તરફ મંત્રી સ્વરૂપજી ઠાકોરની સુઈ ગામ બેઠક પર અપક્ષની જીત થઈ છે.

### ટુરિસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ માટે વિશેષ યુનિફોર્મ ડિઝાઈન કરવામાં આવશે

# ગુજરાત પ્રવાસન ક્ષેત્રે સુરક્ષાનું નવું સોપાન: ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં સ્થપાશે અત્યાધુનિક 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન'

**આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નહીં, પરંતુ ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકોને એક સુરક્ષિત અને ટુરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ પૂરું પાડવાનો છે: ડૉ. કે.એલ.એન.રાવ**



ગુજરાતના મુખ્ય પર્યટન સ્થળો પર આવતા પ્રવાસીઓની સુરક્ષા, સુવિધા અને સુખદ અનુભવમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ DG & IG કોન્ફરન્સની ભલામણો મુજબ રાજ્યના મહત્વના પ્રવાસન જિલ્લાઓમાં સમર્પિત 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશન' કાર્યરત કરવાનો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબક્કે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને ડાંગ જેવા મુખ્ય પ્રવાસન જિલ્લાઓમાં ટુરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ખાસ 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશનો' સ્થાપવામાં આવશે.

જે પર્યટન સ્થળો પર પહેલેથી જ પોલીસ ચોકીઓ કાર્યરત છે, ત્યાં ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી તેને અત્યાધુનિક ટુરિસ્ટ પોલીસ સ્ટેશન તરીકે અપગ્રેડ કરવામાં આવશે.

પ્રવાસીઓ પોલીસને સરળતાથી ઓળખીને મદદ મેળવી શકે તે માટે પોલીસ કર્મચારીઓ માટે વિશેષ યુનિફોર્મ અને વાહનો માટે એક અનન્ય 'લોગો' ડિઝાઈન કરવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્ય પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની ત્વરિત સહાય માટે કન્ટેનર આધારિત માળખા દ્વારા 'હેલ્પ ડેસ્ક' અને 'કિયોસ્ક' પણ ઊભા કરવામાં આવશે.

પ્રવાસીઓને એક જ પ્લેટફોર્મ પર તમામ જરૂરી માહિતી અને સુરક્ષા સંબંધી સેવાઓ મળી રહે તે હેતુથી તમામ SPને એક સેન્ટ્રલ 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવા પણ સૂચના આપવામાં આવી છે.

એટલું જ નહીં, આ બેઠકમાં દરેક ટુરિસ્ટ પોલીસ સ્ટેશનમાં પૂરતા પ્રમાણમાં માનવબળ, નવા વાહનોની ખરીદી અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવે જણાવ્યું હતું કે, આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નથી, પરંતુ ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકોને એક સુરક્ષિત અને 'મિત્રસભર' (Tourist-Friendly) વાતાવરણ પૂરું પાડવાનો છે.

આગામી સમયમાં આ આયોજનને વેગ આપીને ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વૈશ્વિક સ્તરે વધુ સુરક્ષિત બનાવવાની નેમ પોલીસ વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ બેઠકમાં IGP (વહીવટ) સહિત ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

- ઋચા રાવલ

### ડ્રગ્સ સિન્ડિકેટને જળમૂળમાંથી ઉખેડી ફેંકાશે: ગૃહમંત્રી

# તૂર્કીયેમાં ભરાઈને બેઠેલા ડોન દાઉદના સાગરિત સલિમને ભારત લવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતને મળેલી એક મોટી સફળતામાં નાર્કોટિસ કન્ટ્રોલ બ્યુરોના અધિકારીઓ મંગળવારે આંતરરાષ્ટ્રીય સ્તરે માદક દ્રવ્યોની હેરાફેરી કરતા દાણચોર મોહંમદ સલિમ ડોલાને ભારત લઈ આવ્યા હતા અને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો, એમ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી હતી. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ખૂબ નજીકના સાથીદાર ગણાતા સલિમ ડોલાને માર્ચ-૨૦૨૪માં ભારતે કરેલી વિનંતીથી ઈન્ટરપોલ દ્વારા જારી કરાયેલી નોટિસના આધારે મંગળવારે તૂર્કીયેમાંથી ઝડપી લેવાયો હતો. ભારતમાં ડ્રગ્સની હેરાફેરીના અનેક કેસમાં સલિમ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર જાહેર થયેલો હતો અને છેલ્લાં કેટલાંય સમયથી તે ભારતની વિવિધ એજન્સીઓને થાપ આપીને ભાગતો ફરતો હતો. સલિમે છેલ્લાં કેટલાંય વર્ષો ડ્રગ્સની હેરાફેરી કરીને એક આંતરરાષ્ટ્રીય સિન્ડીકેટ બનાવી હતી અને આ સિન્ડીકેટના સભ્યોએ ભેગા મળીને આફ્રિકા, મધ્ય-પૂર્વના દેશો અને યુરોપના સંખ્યાબંધ દેશોમાં ડ્રગ્સની હેરાફેરી માટે એક મજબૂત નેટવર્ક ઉભું કર્યું હતું. માદક દ્રવ્યોની હેરાફેરી કરતી સિન્ડીકેટ સામે ઝીરો ટોલરન્સની નીતિ ઉપર ભાર મૂકતા ગૃહમંત્રી અમિત શાહે એક્સ ઉપર મૂકેલી એક પોસ્ટમાં કહ્યું હતું કે, ડ્રગ્સની હેરાફેરી કરતી સિન્ડીકેટને જડમૂળમાંથી ઉખેડી નાંખવાના મોદી સરકારના મિશન અંતર્ગત આપણી નાર્કોટિક્સ એજન્સીએ વૈશ્વિક એજન્સીઓના માધ્યમથી હવે તેના પંજા સરહદ પાર વિદેશો સુધી ફેલાવ્યા છે, તેથી હવે તેઓ ક્યાં છુપાયેલાં છે તે મહત્વનું રહેતુ નથી, કેમ કે તેઓના માટે હવે કોઈ સ્થાન સલામત રહ્યું નથી.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૯/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૧૯ | ૪૦૦.૦૦ | ૫૮૬.૦૦ |
| ૨ | એરંડા | ૨૨૫ | ૧,૨૬૭.૦૦ | ૧,૨૮૩.૦૦ |
| ૩ | મકાઇ | ૫૮૦ | ૩૭૮.૦૦ | ૪૨૧.૦૦ |
| ૪ | ચણા | ૮૧ | ૯૫૧.૦૦ | ૧,૧૦૦.૦૦ |
| ૫ | ચણા (કાબુલી ) | ૪૪ | ૧,૩૬૫.૦૦ | ૧,૬૪૧.૦૦ |
| ૬ | તમાકુ | ૬૨૯ | ૧,૪૦૫.૦૦ | ૨,૩૪૫.૦૦ |
| ૭ | તમાકુ (ગારીયુ) | ૧૫૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |
| ૮ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૯ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૯૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


# ગુજરાતના બાળકો માટે ઉનાળાનું વેકેશન બનશે વિજ્ઞાન અને ગમ્મતનો ખજાનો, GUJCOST દ્વારા સમર સાયન્સ કેમ્પ ૨૦૨૬નું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ સ્થાપિત સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) રાજ્યભરમાં વિજ્ઞાન વિષયનું શિક્ષણ, તેના પ્રત્યેની જાગૃતિ અને નવીનતાઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહી છે. રાજ્યની સામાન્ય જનતા અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં રસ-રૂચિ વધારવા અને તે અંગેની સમજણ વિકસિત કરવાના ઉદ્દેશથી GUJCOST દ્વારા પાટણ, ભાવનગર, રાજકોટ અને ભુજ ખાતે રીજનલ સાયન્સ સેન્ટર્સ (RSCs) એટલે કે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રો આજે વિજ્ઞાન વિષયની જિજ્ઞાસાને સંતોષવા માટેના તેમજ વ્યવહારૂ શિક્ષણ અને સાયન્સ ટુરિઝમના વાયબ્રન્ટ કેન્દ્રો તરીકે ઉભર્યા છે.

ઉનાળાનું વેકેશન બાળકો માટે વધુ આકર્ષક બનાવવા અને તેમને ગમ્મત સાથે વિજ્ઞાનનું શિક્ષણ આપવા માટે હવે GUJCOST દ્વારા એક નવી પહેલ કરવામાં આવી રહી છે. વિજ્ઞાન વિષયમાં રસ ધરાવતા બાળકો માટે, તેમજ અન્ય બાળકો પણ તેમાં રસ લેતા થાય તેવા ઉદ્દેશથી GUJCOSTએ આગામી ૧ મે થી ૩૦ મે, ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં સ્થિત ચારેય RSCs ખાતે વિવિધ બેચમાં ૩ દિવસીય રેસિડેન્શિયલ સમર સાયન્સ કેમ્પનું આયોજન કર્યું છે. આ સમર કેમ્પ ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં દરેક બેચમાં વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકશે. આ કેમ્પ દરમિયાન વિજ્ઞાન આધારિત પાંચ આકર્ષક થીમને આવરી લેવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિજ્ઞાન અને સંશોધનની ભૂમિકા પર ભાર મૂકીને 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાન'નું અપડેટેડ રાષ્ટ્રીય સૂત્ર આપ્યંર છે. તેમણે કહ્યું છે કે, "ભારતના ભાવિ વિકાસ અને નવીનીકરણમાં વિજ્ઞાન કેન્દ્રસ્થાને છે. વિજ્ઞાન એ ઉકેલો, ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર છે." મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ ગુજરાતના વધુ ને વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે જ્યારે ગુજરાત સેમિકંડક્ટર, હરિત ઊર્જા અને ડિજિટલ સાયન્સ જેવા ક્ષેત્રોનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રો માટે ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળની મોટા પાયે માંગ ઊભી થશે. આ માટે જરૂરી છે, કે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે. GUJCOST દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન સુનિશ્ચિત કરશે કે રાજ્યના વધુ ને વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય અને આગળ જતાં તેમાં પોતાની કારકિર્દી બનાવવા અંગે વિચારતા થાય.

સમર સાયન્સ કેમ્પ ૨૦૨૬માં પાંચ આકર્ષક થીમ આવરી લેવામાં આવશે

ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવેલ સમર સાયન્સ કેમ્પમાં વિદ્યાર્થીઓને રસ પડે એવા પાંચ આકર્ષક થીમોને આવરી લેવામાં આવ્યા છે. તેમાં ૧) વૈજ્ઞાનિક કેવી રીતે બનવું? ૨) સ્પેસ (અવકાશ) સમર કેમ્પ ૩) મરીન બાયોલોજી/ મશીન એન્જિનિયરિંગ ૪) AI અને રોબોટિક્સ તેમજ ૫) એક્સપ્લોરિંગ નેચર એટલે કે પ્રકૃતિના તત્વોનું અન્વેષણ, આ પાંચ થીમોનો સમાવેશ થાય છે.

સાયન્સ સમર કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વ્યવહારુ પ્રયોગો, વિજ્ઞાન પ્રદર્શનો, મલ્ટીમીડિયા સત્રો, નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશન (રાત્રિ આકાશ નિરીક્ષણ), ફિલ્ડ વિઝિટ, ક્વિઝ સ્પર્ધાઓ, વિજ્ઞાનને લગતી રમતો, વૉક-થ્રુ ઈન ગેલેરી વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓ બાળકોને ગમ્મત સાથે વિજ્ઞાનનો પરિચય કરાવશે.

વિદ્યાર્થીઓને આપવામાં આવશે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના વિશે માહિતી

સમર સાયન્સ કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયના નિષ્ણાંતો સાથે વાતચીત અને ચર્ચા કરવાનો પણ મોકો મળશે. વધુમાં, સમર કેમ્પ દરમિયાન બાળકોને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજના, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના જેવી રાજ્ય સરકારની યોજનાઓ અંગે માહિતી તેમજ ભવિષ્યની કારકિર્દી માટે માર્ગદર્શન પણ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી બનાવવામાં આવી છે. રાજ્યની સરકારી અથવા અનુદાનિત શાળાઓમાં ધોરણ ૫નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા ૨,૦૦,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિવિધ શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨માં અભ્યાસ કરવા માટે સ્કોલપશીપ આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના તેમજ રાજ્યની સરકારી અથવા RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં ધો- ૧ થી ૮માં અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા ૧,૦૦,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિવિધ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરવા માટે સ્કોલરશીપ આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયરૂપ થવાનો છે.

GUJCOST દ્વારા સમર સાયન્સ કેમ્પની આ પહેલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા વધારવાનો, STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) કારકિર્દીને પ્રોત્સાહન આપવાનો તેમજ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન વચ્ચે કાયમી જોડાણ બનાવવાનો છે. આ કેમ્પમાં વિદ્યાર્થીઓને 'વહેતા તે પહેલા'ના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

# જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર રેલવેના જમ્મૂ મંડળમાં એન્જિનિયરીંગ કામના કારણે અમદાવાદ મંડળથી ચાલનારી/ પસાર થનારી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

શૉર્ટ ઓરિજિનેટ/શૉર્ટ ટર્મિનેટ ટ્રેનો

- ટ્રેન નંબર ૧૯૪૧૫ સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ ૩૧ મે ૨૦૨૬ સુધી અમૃતસર સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે.
- ટ્રેન નંબર ૧૯૪૧૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા–સાબરમતી એક્સપ્રેસ ૦૨ જૂન ૨૦૨૬ સુધી અમૃતસર સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે.
- ટ્રેન નંબર ૧૯૨૨૩ સાબરમતી-જમ્મૂ તવી એક્સપ્રેસ ૧૪ જૂન ૨૦૨૬ સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે.
- ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મૂ તવી-સાબરમતી એક્સપ્રેસ ૧૫ જૂન ૨૦૨૬ સુધી ફિરોજપુર કેન્ટ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ (પ્રારંભ) થશે.

પૂર્ણપણે રદ ટ્રેનો

- ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર ટર્મિનસ-એમસીટીએમ ઉધમપુર જન્મભૂમિ એક્સપ્રેસ ૩૧ મે ૨૦૨૬ સુધી પૂર્ણપણે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૯૧૦૮ એમસીટીએમ ઉધમપુર-ભાવનગર ટર્મિનસ જન્મભૂમિ એક્સપ્રેસ ૦૧ જૂન ૨૦૨૬ સુધી પૂર્ણપણે રદ રહેશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www. en-quiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### રૂ.૩૬ કરોડનું ડ્રગ્સ જપ્ત

# બેંગલુરુમાં ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ, ૪ વિદેશી સહિત ૧૬ શખસોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકની રાજધાની અને આઈટી હબ ગણાતા બેંગલુરુમાં પોલીસે ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં પોલીસે ૧૬ ડ્રગ પેડલર્સની ધરપકડ કરી છે અને તેમની પાસેથી આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે રૂ.૩૬.૬૭ કરોડની કિંમતનું માદક દ્રવ્યોનું નેટવર્ક તોડી પાડ્યું છે. પકડાયેલા શખસોમાં વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે, જે આ રેકેટના આંતરરાષ્ટ્રીય છેડા તરફ ઈશારો કરે છે. સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ(CCB) અને સ્થાનિક પોલીસ ટીમોએ આ દરોડા પાડ્યા હતા. પકડાયેલા ૧૬ આરોપીઓ પૈકી ૪ વિદેશી નાગરિકો છે, જ્યારે ૮ આરોપીઓ અન્ય રાજ્યોના અને ૪ સ્થાનિક રહેવાસીઓ છે. આ ટોળકી વિદેશ અને અન્ય રાજ્યોમાંથી સસ્તા ભાવે ડ્રગ્સ મંગાવી બેંગલુરુના યુવાનો અને કોલેજિયનોને મોંઘા ભાવે વેચતી હતી.

શું શું જપ્ત કરાયું? (કુલ કિંમત ૩૬.૬૭ કરોડ)

દરોડા દરમિયાન પોલીસે જપ્ત કરેલા ડ્રગ્સની વિગતો નીચે મુજબ છે:

MDMA: ૯.૬૪ કિલોગ્રામ

LSD સ્ટ્રીપ્સ: ૧૯,૭૫૫ નંગ

હાઈડ્રો ગાંજો: ૫.૧૯૫ કિલોગ્રામ

હેરોઈન: ૧૫૬ ગ્રામ

કોકેઈન: ૩૩૨ ગ્રામ

અન્ય: ચરસ, ગંજી, અને ડ્રગ-ઈન્ફ્યુઝ્ડ ગમીઝ (નશીલી ચોકલેટ)

પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ નેટવર્ક ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને નિશાન બનાવીને ઝડપથી ગેરકાયદે નફો કમાવવા માટે સક્રિય હતું. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

કર્ણાટક સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ડ્રગ્સના વેપાર સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવશે.

પોલીસ હવે આ ડ્રગ્સનો પુરવઠો ક્યાંથી આવતો હતો અને તેના મુખ્ય હેન્ડલર્સ કોણ છે તે દિશામાં તપાસ કરી રહી છે. બેંગલુરુ પોલીસે જનતાને પણ અપીલ કરી છે કે જો કોઈને પણ ડ્રગ્સ વિશે માહિતી હોય તો હેલ્પલાઈન નંબર ૧૧૨ અથવા ૧૯૨૨ પર ગુપ્ત રીતે જાણ કરે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307

Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# નર્મદા જિલ્લા પંચાયતમાંથી ભાજપનો સફાયો : આમ આદમી પાર્ટીએ ૨૨માંથી ૧૫ બેઠકો કબ્જે કરી: જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટીનો દબદબો

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લા પંચાયત સહિત અન્ય ૬ તાલુકા પંચાયતની ચુંટણી માટેની મતગણતરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જે તે તાલુકામાં ચાલુ કરવામાં આવી હતી. મતગણતરીને અંતે નર્મદા જિલ્લા પંચાયતમાં થી ભાજપનો સફાયો થઈ ગયો છે અને આમ આદમી પાર્ટીએ ૨૨ માં થી ૧૫ બેઠકો કબ્જે કરી બહુમતી સાથે જિલ્લા પંચાયત કબ્જે કરી છે. નર્મદા જિલ્લાની ફકત સમ ખાવા પુરતી નાંદોદ અને તીલકવાડા તાલુકા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. જયારે ડેડીયાપાડા, સાગબારા, ચીકદા અને ગરૂડેશ્વર તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીને પૂર્ણ બહુમતી મળતા ચારેય તાલુકા પંચાયતો આમ આદમી પાર્ટીએ કબ્જે કરી છે. નર્મદા જિલ્લા પંચાયતની વાત કરીએ તો કુલ ૨૨ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીને જાવલી, ખોપી, ચીકદા, આંબાવાડી, મંડાળા, ડેડીયાપાડા-૧, ડેડીયાપાડા-૨, ગરૂડેશ્વર, નઘાતપોર, કેવડીયા, ખડગદા, મોરજડી, માલસામોટ, સેલંબા, સાગબારા બેઠકો પર આમ આદમી પાર્ટી જયારે ભાજપે આમલેથા, પ્રતાપનગર, ભદામ, વડીયા, તીલકવાડા, દેવલીયા અને અગર બેઠકો પર ભાજપે જીત મેળવી છે. ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લા પંચાયત સહિતની તમામ તાલુકા પંચાયતો ગઈ વખતે ભાજપ પાસે હતી. જેમાંથી નર્મદા જિલ્લા પંચાયત સહિત ડેડીયાપાડા, સાગબારા, ચીગદા અને ગરૂડેશ્વર તાલુકા પંચાયતની સત્તા આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી આંચકી લીધી છે. આમ આમ આદમી પાર્ટીને વકરો એટલો નફો થયો છે. ભાજપના ગઢમાં મોટુ ગાબડુ પડયુ છે. તાલુકા પંચાયતની વાત કરીએ તો નાંદોદ તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાંથી ભાજપ ૧૩, આમ આદમી પાર્ટી ૪ અને કોંગ્રેસ ૦ તથા તીલકવાડા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકમાંથી ભાજપે ૧૩, આમ આદમી પાર્ટી ૦ , કોંગ્રેસ ૩ તથા ડેડીયાપાડા તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકમાંથી ભાજપ ૧, આમ આદમી પાર્ટી ૧૭ અને કોંગ્રેસ ૦૦ તથા ચીકદા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકમાંથી ભાજપ ૧, આમ આદમી પાર્ટી ૧૫ તથા સાગબારા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકમાંથી ભાજપ ૫, આમ આદમી પાર્ટી ૧૩, કોંગ્રેસ ૦ તથા ગરૂડેશ્વર તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકમાંથી ભાજપ ૩, અને આમ આદમી પાર્ટીએ ૧૩ બેઠકો મેળવી છે.

# મહેસાણામાં પટાવાળા તો બહુચરાજીમાં બંગડી વેચનાર બનશે કોર્પોરેટર : ચુંટણીમાં ભવ્ય વિજય મેળવીને સૌને ચોંકાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આ વખતે અનેક એવા ચહેરાઓ ઉભરી આવ્યા છે જેમણે સાબિત કરી લીધુ છે કે લોકશાહીમાં હોદો નહી પણ સેવા અને સમર્પણ મહત્વના છે.

ગરીબ પરીવારમાંથી આવતા અને સામાન્ય વ્યવસાય કરતા અનેક ઉમેદવારોએ ભવ્ય વિજય મેળવીને સૌને ચોંકાવી દીધા છે. જયારે કેટલાક પરાજય છતાં પોતાની લડત માટે ચર્ચામાં રહ્યા છે.

મહેસાણામાં પણ એક પ્રેરણાદાયી કિસ્સો બહાર આવ્યો છે. ભાજપના જિલ્લા કાર્યાલય કમલમમાં છેલ્લા ૨૭ વરસથી પટાવાળા તરીકે સેવા આપતા રમેશભાઈ ભીલ હવે મહેસાણા નગરપાલિકાના વોર્ડ નં. ૧૩ માં થી કોર્પોરેટર તરીકે ચુંટાયા છે. માત્ર ૫૦૦ રૂપીયાના પગાર થી શરૂઆત કરનાર રમેશભાઈએ જણાવ્યુ હતુ કે તેઓ કોર્પોરેટર બન્યા પછી પણ પોતાની પટાવાળાની નોકરી ચાલુ રાખશે, મીટીંગના સમયે કોર્પોરેટરની ભુમિકા ભજવશે અને ત્યારબાદ ફરી પાછા પોતાની ફરજ પર લાગી જશે. તો બીજી તરફ બહુચરાજી નગરપાલિકામાં પણ સામાન્ય પરીવારનુ પ્રતિનિધિત્વ જોવા મળ્યુ છે. વોર્ડ નં. ૪ માં થી ભાજપના ઉમેદવાર સંશીબેન કાંગશીયા વિજેતા બન્યા છે. સંશીબેન વ્યવસાયે બંગડીઓ વેચે છે પરંતુ હવે તેઓ નગરપાલિકામાં લોકોના પ્રશ્નોને વાચા આપશે.

# ચુંટણીના પરીણામો મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ યોજી પ્રેસ કોન્ફરન્સ: સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટી અઢળક સીટો જીતી: આ જનતાની જીત છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામો બાદ ઈસુદાન ગઢવીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે આ ચુંટણીમાં આમ આદમી પાર્ટીને જનતાનો સારો પ્રતિસાદ મળ્યો છે અને પાર્ટી મજબુત વિકલ્પ તરીકે ઉભરી આવી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે કુલ ૫,૪૪૫ ઉમેદવારોએ પોતાના ખર્ચે ચુંટણી લડી અને તેઓ ક્રાંતિવીર તરીકે બહાર આવ્યા છે. ગઢવીએ વધુમાં કહ્યુ હતુ કે ઉમેદવારોને અનેક પ્રકારના પડકારોનો સામનો કરવો પડયો હતો, ઉમેદવારી અટકાવવાના પ્રયાસો, ધમકી, દબાણ, ખોટી માહિતી ફેલાવવી, તેમજ કાર્યકર્તાઓ વિરૂધ્ધ એફઆઈઆર અને ધરપકડ જેવી પરિસ્થિતિ વચ્ચે પણ પાર્ટીના ઉમેદવારો મજબુતાઈથી મેદાનમાં ટકયા રહ્યા, તેમણે તમામ ઉમેદવારો, કાર્યકર્તાઓ અને તેમના પરીવારજનોનો મીડીયાના માધ્યમથી આભારવ્યકત કર્યો હતો. પરીણામોની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૨,૨૬૦ થી ૨૬૦૦ ના પરીણામોમાં ભારતીય જનતા પાર્ટીએ આશરે ૧૫૦૦ થી વધુ સીટો મેળવી છે. જયારે આમ આદમી પાર્ટીએ ૫૦૦ થી વધુ સીટો જીતીને બીજા ક્રમે સ્થાન મેળવ્યુ છે. તો કોંગ્રેસને અંદાજે ૩૦૦ થી વધુ સીટો મળી છે. ગઢવીએ આ પ્રદર્શનને મજબુત ગણાવ્યુ હતું અને કહ્યુ હતુ કે સ્થાનિક સ્તરે પાર્ટીએ પોતાની મજબુત હાજરી નોંધાવી છે.

વિગતવાર આંકડાઓ મુજબ આમ આદમી પાર્ટીએ તાલુકા પંચાયતની લગભગ ૧૦૦ સીટો, જિલ્લા પંચાયતની ૪૫ સીટો અને નગરપાલિકા તેમજ મહાનગરપાલિકાની મળીને ૧૮ થી વધુ સીટો જીતેલી છે. મહાનગરપાલિકામાં પણ પાર્ટીએ આશરે ૬ થી વધુ સીટો મેળવી છે. અનેક જગ્યાએ પાર્ટીએ સત્તા હાંસલ કરી છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે આ જીતનો શ્રેય કાર્યકર્તાઓની મહેનત અને જનતાના વિશ્વાસને જાય છે. તેમણે ફરી દોહરાવ્યુ હતુ કે આ જીત પાર્ટીની નહી પરંતુ ગુજરાતની જનતાની છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આગામી પાંચ વર્ષ પાર્ટી લોકોના હક્ક અને અધિકારો માટે સંઘર્ષ ચાલુ રાખશે. સુરતના પરીણામોને લઈને તેમણે કહ્યુ હતુ કે તે ચોંકાવનારા પરીણામ છે અને પાર્ટી તેની સમિક્ષા કરશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચુંટણી દરમિયાન ઘણા સ્થળોએ ઉમેદવારોને ડરાવવાનો, લાલચ આપવાનો અને દબાણ કરવાનો પ્રયાસ થયો હતો. છતાં લોકોએ લોકતંત્રને મજબુત બનાવ્યુ છે. અંતમાં ગઢવીએ જણાવ્યુ હતુ કે આ પરીણામો બાદ પાર્ટી વધુ સક્રિય બનશે અને ૨૦૨૭ ની ચુંટણી માટે તૈયારી શરૂ કરશે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે આમ આદમી પાર્ટીના ઉમેદવારો અને કાર્યકર્તાઓ ગુજરાતની જનતાની સેવા માટે પ્રતિબધ્ધ રહેશે.

# અમૃત ભારત સ્ટેશનને બદલી ભારતીય રેલવેની છબી,ઈન્ફ્રાના કામોએ વધારી રેલવેની ગતિ



પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન હેઠળ, વડોદરા મંડળના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એન્જિનિયરિંગ, ટ્રેક જાળવણી, માળખાગત સુવિધાઓ મજબૂતીકરણ અને મુસાફરોની સુવિધાઓના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વડોદરા મંડળના ૫ સ્ટેશનોનું ઉદઘાટન કરવામાં આવ્યું. મંડળ દ્વારા કરવામાં આવેલા વિવિધ કામોથી ફક્ત રેલવે સંચાલનમાં સંરક્ષા અને વિશ્વસનીયતામાં વધારો જ નથી થયો, પરંતુ યાત્રીઓને વધુ ઉત્તમ અને આધુનિક સુવિધાઓ પણ મળી છે.

સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન) શ્રી સુમિત ઠાકુરે જણાવ્યું કે માનનીય વડાપ્રધાન દ્વારા ૨૨ મે, ૨૦૨૫ ના રોજ ૧૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૮૬ જિલ્લાઓમાં ૧,૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૧૦૩ અમૃત ભારત સ્ટેશનોનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં વડોદરા મંડળના ૫ સ્ટેશન ઉત્રાણ, કોસંબા, ડેરોલ, ડાકોર અને કરમસદ સ્ટેશન સામેલ હતા. આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક રવેશ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક વેઈટિંગ રૂમ, ટિકિટ કાઉન્ટર, આધુનિક શૌચાલય અને દિવ્યાંગો માટે સુલભ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્રતાપનગર અને ગોધરા સ્ટેશન પણ અમૃત ભારત સ્ટેશન માટે તૈયાર છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માં વડોદરા મંડળ પર સંરક્ષાને મજબૂતી આપતાં લેવલ ક્રોસિંગને સમાપ્ત કરીને ૫ રોડ ઓવર બ્રિજ (ROB) તથા ૩ રોડ અંડર બ્રિજ (RUB) નું નિર્માણ કરવામાં આવ્યું.

ટ્રેક કામો હેઠળ ૧૬૯.૧૮૯ યૂનિટ કમ્પ્લીટ ટ્રેક રિન્યુઅલ (CTR), ૧૯૨.૧૨૮ ટ્રેક કિલોમીટર થ્રૂ રેલ રિન્યુઅલ (TRR) તથા ૧૧૮.૨૯૧ ટ્રેક કિલોમીટર થ્રૂ સ્લીપર રિન્યુઅલ (TSR) કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.

બ્રિજ કામો હેઠળ ૧૫ પુલોનું પુનર્વસન, ૫ પુલોનું રી-ગર્ડરિંગ તથા ૩૩ પુલો પર એપ્રોચ ટ્રાંઝિશન કામ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૯૦૬ સ્ટીલ ચેનલ સ્લીપરોનું નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી પુલોની સંરચનાત્મક મજબૂતી સુનિશ્ચિત થઈ છે. સ્ટેશન યાર્ડ સુધારણા કાર્ય હેઠળ, ૯ યાર્ડમાં ૧૪ લેઆઉટ સુધારવામાં આવ્યા હતા, ૯૭૨ ટર્નઆઉટનું પ્રમાણીકરણ કરવામાં આવ્યું તથા વિવિધ ટેકનિકલ અપગ્રેડેશન કામ જેમ કે TWS અને WCMSC નો સમાવેશ કરવામાં આવ્યો. ૬૮ યાર્ડોમાં PRL લાઈનોનું અપગ્રેડેશન કરવામાં આવ્યું તથા ૨૪૭૨ સ્થાનો પર ફ્રી જોઈન્ટ્સ દૂર કરવામાં આવ્યા. આ પ્રયાસોના પરિણામે 0.15g થી ઉપરના ઓસીલેશન મોનિટરિંગ સિસ્ટમ (OMS) મૂલ્યોમાં ૯૩.૨૫% નો નોંધપાત્ર ઘટાડો થયો છે, જેનાથી ટ્રેકની ગુણવત્તામાં સુધારો થયો છે.

ડેરોલ સ્ટેશન પર ૧૨ મીટર પહોળો ફુટ ઓવર બ્રિજ (FOB) તૈયાર કરવામાં આવ્યો છે તથા અન્ય ૮ સ્ટેશનો પર પણ ૧૨ મીટર પહોળા ફુટ ઓવર બ્રિજ (FOB) ના વિકાસનું કામ પ્રગતિ પર છે. મંડળે ૨૦ પ્લેટફોર્મોનું વિસ્તરણ અને અપગ્રેડેશન, ૧૩ સ્ટેશનો પર કોચિંગ ઓપરેશન પેનલ (COP) ની સુવિધા, ૩ નવા ૦૬ મીટર પહોળા ફુટ ઓવર બ્રિજ FOB નું નિર્માણ તથા ૯ સ્ટેશનો પર કવર શેડનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત સ્ટેશનો પર ઓટોમેટિક સીઢી, લિફ્ટ, રેમ્પ, અંડરગ્રાઉન્ડ રસ્તા વગેરે, ૪૭ સ્ટેશનોને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવ્યા છે અને સ્ટાફ માટે ૧૦૪ નવા રેલવે આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ તમામ પ્રયત્નો મારફતે વડોદરા મંડળે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરીને સુરક્ષિત, ઝડપી અને આરામદાયક રેલવે સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પશ્ચિમ રેલવે ભવિષ્યમાં પણ આવી જ વિકાસલક્ષી પહેલ દ્વારા યાત્રીઓની સુવિધા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતું રહેશે.

### મહિલાઓની રહી પહેલી પસંદ: રૂા.૭૨૨ કરોડથી વધુ આવક પ્રાપ્ત કરી

# ગુજરાતમાંથી ૭૩ લાખથી વધુ મુસાફરોએ વંદે ભારત ટ્રેનોમાં કરી મુસાફરી



ભારતીય રેલવેની પ્રીમિયમ સેમી-હાઈસ્પીડ સેવા વંદે ભારત એક્સપ્રેસે દેશમાં આધુનિક રેલવે યાત્રાની નવી ઓળખ સ્થાપિત કરી છે. ફેબ્રુઆરી ૨૦૧૯ માં એક સેવાથી શરૂ થઈને આજે આ નેટવર્ક દેશભરમાં ૧૬૨ થી વધુ ટ્રેનો સુધી વિસ્તરી ચુક્યું છે, જે મુખ્ય શહેરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક યાત્રાથી જોડી રહ્યું છે.

ગુજરાતથી સંચાલિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોએ યાત્રીઓ વચ્ચે વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. ૧ ઓક્ટોબર ૨૦૨૨ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળામાં રાજ્યથી સંચાલિત ૬ જોડી વંદે ભારત ટ્રેનોમાં લગભગ ૭૩ લાખ યાત્રીઓએ યાત્રા કરી, જ્યારે એનાથી કુલ રૂ. ૭૨૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

ગુજરાતથી સંચાલિત ૬ વંદે ભારત ટ્રેનોની વિગતો (આરંભની તારીખ સહિત)

મુંબઈ સેન્ટ્રલ – ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૦૧ ઓક્ટોબર ૨૦૨૨

સાબરમતી – જોધપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૦૯ જુલાઈ ૨૦૨૩

અમદાવાદ – ઓખા વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩

મુંબઈ સેન્ટ્રલ – અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૧૩ માર્ચ ૨૦૨૪

સાબરમતી – વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૨૭ મે ૨૦૨૫

અસારવા – ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬

અમદાવાદ-મુંબઈ માર્ગ પર બંને વંદે ભારત યાત્રીઓની પહેલી પસંદ બની ગઈ છે. ધંધાદારીઓ, વ્યવસાયિકો તથા નિયમિત યાત્રી આ સેવાનો વ્યાપકરૂપે ઉપયોગ કરી રહ્યા છે. આ સેવાઓમાં ફક્ત યાત્રીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ જ નોંધવામાં નથી આવી, પરંતુ કેટલાક માર્ગો પર માંગ ક્ષમતાથી કેટલીય વધારે, ૧૪૦% સુધીની ઓક્યુપેન્સી નોંધવામાં આવી છે, આ લોકપ્રિયતાને દર્શાવે છે. કેટલાક માર્ગો પર ઓક્યુપેન્સી ૧૦૦% થી વધુ રહી છે, જયારે કેટલીક ટ્રેનોની ઓક્યુપેન્સી ૯૦% થી વધુ રહી છે.

આધુનિક સુવિધાઓથી સુસજ્જિત ટ્રેનો

‘મેક ઈન ઈન્ડિયા’ પહેલ હેઠળ નિર્મિત વંદે ભારત ટ્રેનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેમાં સામેલ છે:

ઓટોમેટિક દરવાજાઓ અને જીપીએસ આધારિત યાત્રી સૂચના સિસ્ટમ

આરામદાયક રિક્લાઈનીંગ સીટો અને પૂરતો લેગરૂમ

મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ

સંપૂર્ણ સીસીટીવી કવરેજ અને બાયો-વેક્યુમ ટોઈલેટ

- દિવ્યાંગો માટે અલગથી શૌચાલય
- ટ્રેનમાં અગ્નિશામક યંત્ર અને ફાયર એલાર્મની વ્યવસ્થા

ઉત્કૃષ્ટ ખાણી-પીણી અને સેવાઓ યાત્રીઓને ઉચ્ચ ગુણવત્તાની ઓનબોર્ડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેમાં :

સ્વચ્છ અને તાજું ભોજન

ક્ષેત્રીય સ્વાદ પર આધારિત વિવિધ મેનૂ

પ્રી-પેક્ડ હાઈજિનિક સેવા

પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સમયબદ્ધ સેવા

ઉચ્ચ સમયપાલન, ઉત્તમ સુરક્ષા માનક અને ઉત્કૃષ્ટ સ્વચ્છતાને કારણે યાત્રીઓને વિશ્વાસ સતત મજબૂત થયો છે. ઝડપી ગતિ અને ઓછા યાત્રા સમયને કારણે આ ટ્રેનો વ્યવસાયિક અને નિયમિત યાત્રીઓ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થઈ રહી છે.

ગુજરાતમાં વંદે ભારત એક્સપ્રેસની આ નોંધપાત્ર સફળતા ભારતીય રેલવેના યાત્રી-કેન્દ્રીત દ્રષ્ટીકોણનું સશક્ત પ્રમાણ છે. ભારતીય રેલવે ભવિષ્યમાં પણ યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને વિશ્વ સ્તરનો યાત્રા અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.

# જૈવિક ખાતરમાં દેશને સ્વનિર્ભર બનવવા સુરતનાં ખેડૂતનો યજ્ઞ: ‘ઘનજીવામૃત’નું ઔદ્યોગિક સ્તરે ઉત્પાદન શરૂ કર્યુ

**પહેલી મેનાં રોજ સુરતમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (VGRC)નાં પ્રથમ દિવસે “રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા: ખાતર ક્ષેત્રમાં આયાતનાં વિકલ્પ માટેની વ્યૂહરચનાઓ” વિષય પર ચર્ચા યોજાશે. આ ચર્ચામાં કલ્પેશ પટેલ જોડાશે**

સમગ્ર રાજ્યમાં હાલ ગરમીનો પારો ૪૪ ડિગ્રીથી ઉપર જઈ રહ્યો છે એવા સમયે સુરતનાં માંગરોળિયા ગામમાં કમલેશ પટેલનાં ખેતરમાં ૨૦થી વધુ મજૂરો ખરિફ સીઝન પહેલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે ‘ઘનજીવામૃત’ બનાવવામાં વ્યસ્ત છે.

સુરત જિલ્લાનાં પલસાણા તાલુકાનાં અંભેટી ગામનાં ખેડૂત કમલેશ પટેલ પ્રાકૃતિક ખેતી કરે છે. એટલુ જ નહીં, પણ દેશને રાસાયણિક ખાતરની આયાત ઘટે અને તેના મજબૂત વિકલ્પ તરીકે ઘનજીવમૃત લાખો ખેડૂતો સુંધી પહોંચે તે સંકલ્પ સાથે ઘનજીવામૃત મોટા પાયે તૈયાર કરે છે. કૃષિ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવા માટે ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે અને માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવે છે. કમલેશ પટેલ પણ માસ્ટર ટ્રેઈનર છે અને અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા આપે છે.

રાજ્યમાં હાલ ૮ લાખથી વધુ ખેડૂતોએ રાસાયણિક ખાતરને તિલાજંલિ આપી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. સાડા પાંચ હેક્ટરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધતા રાસાયણિક ખાતરનાં વિકલ્પ તરીકે જીવામૃત અને ઘનજીવામૃતનો ઉપયોગ થાય છે. અને તેની માંગ સતત વધી રહી છે

પહેલી મેનાં રોજ સુરતમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (VGRC)નાં પ્રથમ દિવસે “રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા: ખાતર ક્ષેત્રમાં આયાતના વિકલ્પ માટેની વ્યૂહરચનાઓ” વિષય પર ચર્ચા યોજાશે. કમલેશ પટેલ આ ચર્ચામાં જોડાશે.

વર્ષ-૨૦૧૭થી પ્રાકૃતિક ખેતી કરતા કમલેશ પટેલે ઘનજીવામૃતનું ઔદ્યોગિક સ્તરે ઉત્પાદન હાથ ધર્યુ છે. રોજ ૧૦૦૦ બેગ (એક બેગનું વજન ૪૦ કિલો) તૈયાર કરે છે અને સમગ્ર રાજ્ય અને રાજ્ય બહાર તેનું વેચાણ કરે છે. ચાલુ વર્ષમાં રોજની ૨૦૦૦ બેગ તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત રાજ્યનાં ગામડાંઓ ખૂંદી રહ્યા છે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળી રહ્યા છે. આ તમામ પ્રયાસોને પરિણામે, ખેડૂતો રસાયણિક ખાતરોનો ઉપયોગ બંધ કરી તેના વિકલ્પ તરીકે જીવામૃત અને ઘનજીવામૃતનો જૈવિક ખાતર તરીકે ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી કરે છે.

ઘનજીવામૃત એક શક્તિશાળી જૈવિક ખાતર છે. તે જમીન સુધારે છે. ખેતરમાં સૂક્ષ્મજીવોની વૃદ્ધિ કરે છે. જમીનના પોષક તત્વોમાં વધારો કરે છે અને ઉત્પાદન વધારે છે.

ચાલુ વર્ષે એક લાખ બેગ ઘનજીવામૃત બનાવવાનું લક્ષ્ય

કમલેશ પટેલે જણાવ્યું કે, “વધુ અને વધુ ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. તેમને જીવામૃત અને ઘનજીવામૃતની જરૂર પડે છે. ગયા વર્ષે અમે ૫૦,૦૦૦ થેલીઓ (૪૦ કિલોની એક બેગ) વેચી હતી અને આ વર્ષે એક લાખ ઘનજીવમૃતની થેલીનું ઉત્પાદન કરવાનું આયોજન છે.”

સુભાષ પાલેકરનાં ત્રણ દિવસના સેમિનારે જીવનનો માર્ગ બદલ્યો

વર્ષ-૨૦૧૬માં કમલેશ પટેલે સુભાષ પાલેકર દ્વારા આયોજિત ત્રણ દિવસના ‘ઝીરો બજેટ’ પ્રાકૃતિક ખેતીના સેમિનારમાં ભાગ લીધો હતો અને તેમનાથી ખૂબ પ્રભાવિત થયા અને તે જ ઘડીએ રાસાયણિક ખાતરને તિલાંજલી આપી અને પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવ્યો.

પ્રાકૃતિક ખેતી કરવા ઈચ્છતા લોકોએ પ્રેરણા આપી

વર્ષ-૨૦૧૭માં શેરડીની ખેતીમાં પ્રાકૃતિક ખેતીથી કમલેશ પટેલને ઉત્તમ પરિણામો મળ્યા. શેરડીનું વિઘાદીઠ ૪૫ ટન ઉત્પાદન આવ્યું. આ ચમત્કાર જોઈ ગામના અન્ય ખેડૂતોએ પણ આ પદ્ધતિ અપનાવવાની તૈયારી દર્શાવી પણ તેમની પાસે જીવામૃત અને ઘનજીવામૃત નહોતું. બનાવવાની ઝંઝટમાં પડવા માંગતા નહોતા એટલે તેમણે કમલેશ પટેલને આ બંનેનું મોટાપાયે ઉત્પાદન કરવાની વાત કરી અને તેમણે જીવામૃત અને ઘનજીવામૃતનું મોટા પાયે ઉત્પાદન શરૂ કર્યું. ગુજરાત સરકારે તેમને આર્થિક સહાય પણ કરી. હાલ કમલેશ પટેલ દરરોજ સરેરાશ આશરે ૪૦,૦૦૦ કિલો ઘનજીવામૃત અને ૧,૦૦૦ લીટર જીવામૃત તૈયાર કરી વેચાણ કરે છે. તેઓ ઘનજીવામૃત રૂ. ૬ પ્રતિ કિલો અને જીવામૃત રૂ. ૫ પ્રતિ લીટર દરે વેચે છે.

રાજ્ય સરકારનાં કૃષિ વિભાગ દ્વારા જીવામૃત બનાવવા માટે તેમને બાયો રિસોર્સ સેન્ટર (બીઆરસી) માટે સબસિડી આપવામાં આવી છે અને ઘનજીવામૃત બનાવવા માટે પણ આર્થિક સહાય કરી છે.

# મારી ચાની કીટલી જ મારી ઓફિસ બનશે: ગીતાબેન પાટણવાડીયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

રાજપીપળાના ઈતિહાસમાં ભાજપે જીતનો નવો અધ્યાય લખ્યો છે. ત્યારે રાજપીપળા નગરપાલિકામાં ભાજપના એક ચાની કીટલી ચલાવતા ગીતાબેન પાટણવાડીયાએ જીત મેળવી છે. જીત બાદ ગીતાબેન અને તેમની આસપાસના લોકોનો ઉત્સાહ સમાતો ન હતો.

સામાન્ય જનજીવન સાથે જોડાયેલા આ બહેનને જ્યારે ભાજપે ઉમેદવાર બનાવ્યા ત્યારે સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બની ગયા છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ગીતાબેન પાટણવાડીયાએ ઘરેઘરે જઈને જનતા સાથે સીધો સંપર્ક સાધ્યો હતો. પોતાની સાદગી, મહેનત અને લોકો સાથેના લાગણીસભર સંબંધને કારણે તેઓ ઝડપથી મતદારોના મનમાં સ્થાન બનાવી શક્યા. મતદાન બાદ પરિણામ જાહેર થતાં જ ગીતાબેન પાટણવાડીયા વિજેતા જાહેર થયા અને તેમની ખુશીનો પાર રહ્યો નહીં.

જીત બાદ ગીતાબેન પાટણવાડીયાએ જણાવ્યું હતું કે, “આ જીત મારી નથી, આ વિસ્તારના દરેક નાગરિકની જીત છે. ભાજપે મારા જેવી સામાન્ય મહિલા પર વિશ્વાસ મુક્યો તે મારા માટે ગૌરવની વાત છે. મેં આ લારીને કારણે મારા બાળકોને મોટા કર્યા છે અને આ ચાની કીટલી પરથી જ મારું જીવન ચલાવ્યું છે. હવે હું ચાની કીટલીને જ મારી ઓફિસ બનાવીશ અને અહીંથી જ કામ કરીશ.”

હાલમાં ગીતાબેન પોતાના રોજગાર માટે ચલાવતા ચાની કીટલીના ધંધાને ચાલુ રાખશે અને સાથે સાથે હવે તેઓ ચાની કીટલીથી જ નાનું કાર્યાલય પણ શરૂ કરશે. આ કાર્યાલય દ્વારા તેઓ વિસ્તારના નાગરિકોની સમસ્યાઓ સાંભળી તેનું નિવારણ લાવવા માટે પ્રયત્નશીલ રહેશે. સ્થાનિક રહીશોએ પણ ગીતાબેનના આ પ્રયાસને બિરદાવી રહ્યા છે. આજુબાજુના લોકોનું માનવું છે કે, એક સામાન્ય પરિવારથી આવતી અને મહેનત કરીને જીવન ચલાવતી બહેન જ્યારે પ્રજાના પ્રતિનિધિ બને છે ત્યારે તે જનતાની વાસ્તવિક સમસ્યાઓ વધારે સારી રીતે સમજી શકે છે. રહીશોએ આશા વ્યક્ત કરી છે કે, ગીતાબેન વિસ્તારમાં રોડ, પાણી, સફાઈ, લાઈટ, ગટર જેવી મૂળભૂત સુવિધાઓમાં સુધારો લાવવા માટે અસરકારક કામગીરી કરશે. આ ચૂંટણીમાં ગીતાબેન પાટણવાડીયાની જીતને લોકો “સામાન્ય માણસના પ્રતિનિધિની જીત” તરીકે પણ જોઈ રહ્યા છે. ભાજપે મહિલાને આગળ લાવી એક ઉદાહરણ ઉભું કર્યું છે કે, મહેનત અને વિશ્વાસ હોય તો સામાન્ય જીવન જીવતી વ્યક્તિ પણ જનસેવા માટે મોટું સ્થાન મેળવી શકે છે. હવે સમગ્ર શહેરની નજર ગીતાબેનના કાર્ય પર છે અને લોકો આશા રાખી રહ્યા છે કે તેઓ વિકાસકાર્યોને આગળ ધપાવી રાજપીપળા શહેરને વધુ સુવિધાસભર અને સ્વચ્છ બનાવવા મહત્વની ભૂમિકા ભજવશે.

પશ્ચિમ રેલ્વે
રતલામ વિભાગ
ઇ-ટેન્ડર સૂચના
ટેન્ડર નોટિસ નંબર M247GLRSRSI 262707 તારીખ: 27.04.2026. કામનું નામ: સિલિકોન રેક્ટિફાયર બ્લોક્સ (R S I) નું સમારકામ/ પુનર્વસન અને રિકન્ડિશનિંગ, જથ્થો 30 લોકો સેટ. સ્થાન: CWM / દાહોદ પશ્ચિમ રેલ્વે નું કાર્યાલય. કામની અંદાજિત કિંમત: રૂ. 4,00,77,000/- બિડ સિક્યોરિટી: રૂ. 8,01,600/- ઇ-ટેન્ડર સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: ઇ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ 19-05-2026 ના રોજ 14.30 કલાક સુધી અને તે જ દિવસે ઇ-ટેન્ડર ખોલવાનો સમય 15.00 કલાકે. ટેન્ડર નોટિસ અને દસ્તાવેજો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. /E-Tenders I Works /IR ઇલેક્ટ્રિકલ.
Apex/26
અમને લાઈક કરો: facebook.com/WesternRly

# સુરત મહાનગરપાલિકામાં અનેક સફાઈ કર્મચારીઓ ઉચ્ચતર પગાર ધોરણના લાભથી વંચિત

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અનેક સફાઈ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણના લાભથી વંચિત રાખવામાં આવી રહેલ છે. સરકાર અને સુરત મ.ન.પા માં ફરજ બજાવતા કર્મચારીઓ જેઓ એક જ પોસ્ટ ઉપર ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અને જેઓને બઢતીનો લાભ મળેલ ના હોય તેવા કર્મચારીઓને ૧૦ વર્ષ પુરા થયા બાદ ઉચ્ચતર પગારનો લાભ આપવામાં આવે છે. અને હાલમાં સુધારેલ નિયમ મુજબ ૧૦,૨૦,૩૦ વર્ષ સુધી એક જ જગ્યા ઉપર ફરજ બજાવી હોય અને તેઓને બઢતીનો લાભ ના મળેલ હોય તેઓને ૧૦,૨૦,૩૦ વર્ષ પૂરો થતાં ઉચ્ચતર પગારનો લાભ આપવામાં આવે છે. સુરત મ.ન.પા માં અનેક કર્મચારીઓ ૧૦,૨૦,૩૦ વર્ષ ના ઉચ્ચતર પગારના લાભથી વંચિત છે. આવા કર્મચારીઓની કોઈ ફરિયાદ સાંભળવામાં આવતી નથી. અને કર્મચારીઓ અધિકારી પાસે જાય છે ત્યારે તેઓ કર્મચારીને કહે છે કે "હાલ અમારી પાસે ઘણું કામ છે. સમય આવશે ત્યારે કામ કરીશું. અમારા ટેબલ પાસે આવવું નહીં." તેવા જવાબો કારકુન(ઈ.સી) કર્મચારીઓ ધ્વારા આપવામાં આવે છે.

સુરત મ.ન.પા માં ૭૦૦ થી ૮૦૦ કારકુનોની જગ્યા ખાલી છે. અને વર્ષોથી આ જગ્યાઓ ભરાયેલ નથી. જેથી કારકુન કર્મચારીઓ ઉપર કામનું ભારણ હોય તે સ્વાભાવિક છે. પરંતુ કર્મચારીઓ જેઓ ૧૦,૨૦ અને ૩૦ વર્ષ ના ઉચ્ચતર પગારના લાભ માટે હક્કદાર હોય. તેઓને તેઓના કાયદેસરના હક્કથી વંચિત રાખવા કેટલે અંશે વાજબી ગણાય? સુરત મ.ન.પા ના ઉચ્ચ અધિકારીઓ સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે લક્ષ આપવા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે માંગણી કરી છે.

# ગુજરાતમાં લોકશાહીનો આ કેવો નમૂનો કે વિરોધને ગૂંગળાવી મારવાનો?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત


ભારતના બંધારણમાં કલમ-૧૯ માં "ભારતના નાગરિકોને વાણી સ્વતંત્ર્ય વગેરે સંબંધી અમુક અધિકારોનું રક્ષણ" શીર્ષક હેઠળ ભારતના નાગરિકોના જે મૂળભૂત અધિકારો સ્વીકારવામાં આવ્યા છે તેમાં લખવામાં આવ્યું છે કે, તમામ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો અધિકાર છે. ઉપરાંત તેમાં એ પણ લખવામાં આવ્યું છે કે શાંતિપૂર્વક અને હથિયારો વિના એકઠા થવાનો અધિકાર તમામ નાગરિકોને છે. જે રીતે વિપક્ષો દ્વારા આયોજિત રેલીઓ સામે ગુજરાતની ભાજપ સરકારની પોલીસ જે રીતે કાર્યવાહી કરે છે એ સંપૂર્ણપણે ભારતના બંધારેલા સ્વીકારેલા નાગરિકોના મૂળભૂત અધિકારોના ભંગ સમાન છે. પોલીસ વિપક્ષોને સંમેલન કે રેલી ન કરવા અનેક બહાના બતાવી પરમિશન નથી આપતી એ પણ બંધારણના નિયમોની વિરુધ્ધ જ છે.

મહાત્મા ગાંધીએ જેમને પોતાના વિચાર ગુરુ સમજેલા તે લીયો ટોલ્સ્ટોયે કહેલું કે "રાજ્ય લોકો પર બળને આધારે જબરજસ્તી કરે છે એટલે હિંસા એ રાજ્યના અસ્તિત્વનો પાયો છે." મોદી સરકારે ટોલ્સ્ટોય ના આ કથનને અક્ષરશઃ આત્મસાત કર્યું છે. રાજ્યનો વિરોધ કરવાનો અધિકાર લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે.

લોકોને જ્યારે એમ લાગે કે તેમણે ચૂંટેલી વ્યક્તિઓ લોકોના લાભ માટે કામ કરતી નથી. ત્યારે તેમને વિરોધ કરવાનો અધિકાર છે. અને એનું જ નામ લોકશાહી, પણ મોદી સરકાર લોકશાહી સિદ્ધાંતોમાં માનતી નથી. એ તો છેલ્લા ૧૨ વર્ષના શાસન ઉપરથી સાબિત થાય છે. જેમાં અસંખ્ય ઘટનાઓ છે કે મોદી સરકારે પોલીસની લોખંડી એડીઓ અને લાઠી ગોળી ના જોરે આંદોલનો કચડી નાંખ્યા હોય જેનું કિસાન આંદોલન એક પુરાવા રૂપ છે.

# સાબરકાંઠા જિલ્લાના વડાલી અને પોશીના ભાજપના ગઢમાં ગાબડુ : વડાલી નગરપાલિકામાં કોંગ્રેસનો કબ્જો જયારે પોશીના તાલુકા પંચાયત આમ આદમી પાર્ટીએ કરી કબ્જે

પ્રતિનિધિ,ગાંધીનગર




સાબરકાંઠા જિલ્લામાં સતત બે ટર્મ થી મંત્રી મંડળમાં સ્થાન ન મળતા જિલ્લાની વડાલી નગરપાલિકામાં સત્તાધારી પક્ષ ભાજપમા ગાબડુ પાડી કોંગ્રેસે નગરપાલિકામાં પૂર્ણ બહુમતી સાથે ૨૦ બેઠકો મેળવી નગરપાલિકા કબ્જે કરી લીધી છે. જયારે ભાજપનો માત્ર સમ ખાવા પુરતી ૪ બેઠકો જ મળી છે. જયારે આમ આદમી પાર્ટીના વડાલી તાલુકામાં સુપડા સાફ થઈ ગયા છે.

જયારે જિલ્લાની અન્ય પોશીના તાલુકા પંચાયત કે જે વરસોથી ભાજપનો ગઢ હતો, ભલે વિધાનસભામાં ખેડબ્રહ્મા બેઠક પર કોંગ્રેસ જીતતી હોય પરંતુ પોશીના તાલુકા પંચાયતમાં ભાજપનો દબદબો રહેતો હતો. ત્યાં પોશીના તાલુકાના આદિવાસી પટ્ટામાં ભાજપ- કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. ત્યાં આમ આદમી પાર્ટીએ ૧૦ બેઠકો મેળવી પોશીના તાલુકા પંચાયત પર કબ્જો મેળવી લીધો છે. આમ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામોમાં પ્રજાએ માત્ર મારો -તારો નહી પરંતુ વિકાસ કરે તેવા ઉમેદવારની પસંદગી કરી છે. તો બીજી તરફ સરકાર દ્વારા સતત બે ટર્મ થી સાબરકાંઠા જિલ્લાને ઓરમાયુ વર્તન દાખવી મંત્રી મંડળમાં સ્થાન આપવામાં આવતુ નથી. જેથી ખુદ ભાજપના દિગ્ગજ નેતાઓને પણ પ્રભારી મંત્રીની ભલામણની આશા રાખી કામ કરાવવુ પડતુ હોય છે. જેને લઈ કયાંક કાર્યકરોમાં નારાજગી જોવા મળી હતી. તો બીજી તરફ ૩ ટર્મ બાદ નો રીપીટ ની થીયરી પણ વડાલી અને પોશીના તાલુકામાં મહત્વનુ પરીબળ ભજવી ગઈ હોય તેવુ રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામ બાદ અમિત ચાવડાએ યોજી પ્રેસ કોન્ફરન્સ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામો જાહેર થયા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને ધારાસભ્ય અમિત ચાવડાએ ગુજરાતની જનતાનો આભાર વ્યકત કર્યો છે. તેમણે પ્રેસ કોન્ફરન્સ યોજી પ્રતિક્રિયા આપતા વિજય થયેલા કોંગ્રેસના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી સમયમાં એક સજાગ વિરોધ પક્ષ તરીકેની ભુમિકા ભજવવાની કટીબધ્ધતા દર્શાવી હતી.

અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે ગુજરાતની જનતાએ જે વિશ્વાસ મુકયો છે તે બદલ હું તેમનો આભાર માનું છું. કુશાસન અને ભ્રષ્ટાચાર સામે લડીને વિજયી બનેલા તમામ કર્મઠ કાર્યકર્તાઓને હાર્દિક અભિનંદન પાઠવુ છું. અમિત ચાવડાએ પોતાના ટવીટમાં નોંધ્યુ હતુ કે ભાજપ દ્વારા સામ, દામ, દંડ અને ભેદની નીતી અપનાવીને નાના કાર્યકરો અને જનતાના અવાજને દબાવવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ કે ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જયાં મતદાન ઓછુ થયુ છે ત્યાં ભાજપે જે રીતે જીત મેળવી છે તે અનેક શંકાઓ પેદા કરે છે. ચાવડાએ કોંગ્રેસના કાર્યકરોની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે ભલે બેઠકો ઓછી મળી હોય પણ કોંગ્રેસનો કાર્યકર જનતાના પ્રશ્નો માટે લડતો રહેશે. અમદાવાદ અને અન્ય મનપાઓમાં કોંગ્રેસની બેઠકોમાં થયેલા આંશિક સુધારા અંગે તેમણે જણાવ્યુ હતુ કે જનતા હવે પરીવર્તન ઈચ્છી રહી છે અને કોંગ્રેસ ફરી એકવાર લોકોનો વિશ્વાસ જીતવા તરફ આગળ વધી રહી છે. જીગ્નેશ મેવાણીના ગઢ વડગામમાં પડેલા ગાબડા અને અન્ય બેઠકો પર હાર અંગે તેમણે પક્ષ દ્વારા આત્મમંથન કરવાની પણ વાત કરી હતી. અમદાવાદ મનપા માં કોંગ્રેસે ગત વખત કરતા ૮ બેઠકો વધુ મેળવીને ૩૨ બેઠકો પર કબ્જો કર્યો છે. જેને અમિત ચાવડા પક્ષની વધતી મજબુતી અને ભાજપ સામેના વધતા અસંતોષ તરીકે જોઈ રહ્યા છે.

# અમરેલી બન્યું ભાજપનો ગઢ: જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાઓમાં સર્વત્ર ભગવો લહેરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સૌરાષ્ટ્રના રાજકારણના એપી સેન્ટર ગણાય છે તેવા અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપનો દબદબો રહેવા પામ્યો છે. જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતમાં ૯ તાલુકા પંચાયતમાં ભાજપ અને એક પર કોંગ્રેસ તેમજ એક પર આમ આદમી પાર્ટીનુ શાસન આવ્યુ છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અમરેલી જિલ્લામાં મતગણતરી પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ૬ નગરપાલિકાઓની બેઠકો માટે જાહેર થયેલા પરીણામોમાં મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટીનુ પ્રભુત્વ જોવા મળ્યુ છે. મતગણતરી સુચારૂ આયોજન સાથે પૂર્ણ થઈ હતી. જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૪, તાલુકા પંચાયતની ૧૯૦ અને અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા અને દામનગર નગરપાલિકાની કુલ ૧૮૪ બેઠકો માટે મતગણતરી યોજાઈ હતી. તાલુકા પંચાયતની ૪ અને નગરપાલિકાની ૧૦ બેઠકો બિનહરીફ જાહેર થતા બાકીની બેઠકો માટે મતગણતરી હાથ ધરાઈ હતી. મતગણતરી માટે જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા પંચાયતના ૧૧ કેન્દ્રો અને પાલિકાના ૬ કેન્દ્રો પર સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૦૧૪ કર્મચારીઓ અને ૧૧૪૦ પોલીસ જવાનોની હાજરીમાં સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માં ભાજપે ૩૧ બેઠકો જીતતા સ્પષ્ટ બહુમતી મેળવી છે. જયારે આમ આદમી પાર્ટીને ૨ અને કોંગ્રેસને માત્ર ૧ બેઠક મળી છે.

અમરેલી જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક અને પ્રચંડ વિજય નોંધાવ્યો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ વિવિધ નગરપાલિકાની બેઠકો પર ભાજપે બહુમતી સાથે કબ્જો જમાવી સમગ્ર જિલ્લામાં ભગવો લહેરાવ્યો છે. ચુંટણીના પરીણામો જાહેર થતા જ ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. વિજયની ઉજવણી રૂપે શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય વિજય રેલી અને સરઘસનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ વિજય સરઘસમાં રાજયના કેબિનેટ ઉર્જામંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી તથા ભાજપના આગેવાન પી પી સોજીત્રા સહિતના નેતાઓ ખુલ્લી કારમાં ફર્યા હતા. ભાજપના આ ભવ્ય વિજયને લઈને પાર્ટી કાર્યકરોમાં નવા ઉત્સાહ સાથે આગામી વિકાસ કાર્યો માટે સંકલ્પ લેવામાં આવ્યો હોવાનુ નેતાઓએ જણાવ્યુ હતું.

# સાબરકાંઠાનુ રાષ્ટ્રીય સન્માન : બે લોકહિતકારી પ્રોજેકટને SKOCH AWARD

## ૨૮ માર્ચના રોજ જિલ્લા વિકાસ અધિકારી એ દિલ્હી ખાતે યોજાયેલ એક વિશેષ સન્માન સમારંભમાં આ એવોર્ડ પ્રાપ્ત કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં લોકહિતને કેન્દ્ર સ્થાને રાખી અમલમાં મુકાયેલા બે નવીન અને અસરકારક પ્રોજેકટને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત SKOCH AWARD પ્રાપ્ત થતા જિલ્લામાં ગૌરવનો માહોલ છવાયો છે. ગઈ તારીખ ૨૮ માર્ચે નવી દિલ્હી ખાતે યોજાયેલ SKOCH NATIONAL GOVERNANCE SUMMIT દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરાને આ એવોર્ડ વિશેષ સન્માન સાથે પ્રદાન કરવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાના નેતૃત્વ હેઠળ અમલમાં મુકાયેલા આ બંને પ્રોજેકટ લાલન પાલન પ્રોજેકટ અને જુવેનાઈલ ડાયાબીટીસ પ્રિવેન્શન પ્રોજેકટ આરોગ્ય અને સામાજિક કલ્યાણ ક્ષેત્રે નોધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. લાલન પાલન પ્રોજેકટ જેના પરીણામે માતાઓના વજનમાં નોધપાત્ર વધારો તથા ઓછા વજનના બાળકોના જન્મમાં ઘટાડો નોંધાયો છે. SKOCH સમિતિએ આ મોડલને PEOPLE CENTRIC, DATA DRIVEN AND SCALABLE NUTRITION FRAME-WORK તરીકે માન્યતા આપી એવોર્ડ માટે પસંદ કર્યુ છે.

તે ઉપરાંત જુવેનાઈલ ડાયાબીટીસ પ્રિવેન્શન પ્રોજેકટ હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૪ થી જિલ્લાના ૧૨૮ બાળકોમાં ટાઈપ-૧ ડાયાબીટીસના જોખમની ઓળખ અને નિયંત્રણ માટે સંકલિત અને સ્ટ્રકચર્ડ અભિગમ અપનાવવામાં આવ્યો છે. PEDIATRIC DIABETIC CARE અંતર્ગત નિષ્ણાંત ડોકટરો દ્વારા ઈન્સ્યુલીન ટ્રાઈટ્રેશન, ડાયેટ મેનેજમેન્ટ, ફેમીલી કાઉન્સેલીગ તેમજ શિક્ષકો અને વાલીઓ માટે જાગૃતિ તાલીમ આપવામાં આવી રહી છે. દર ૩ મહિને બાળકોની લેબોરેટરી તપાસ અને સારવાર સુનિશ્ચિત કરવામાં આવે છે. આ પ્રોજેકટને દેશનુ FIRST OF ITS KIND DISTRICT JUVENILE DIABETES GOVERNANCE MODEL તરીકે માન્યતા મળેલ છે. જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાએ EVIDENCE BASED GOVERNANCE, COMMUNITY OWNERSHIP અને OUTCOME ORIENTED MONITORING જેવા અભિગમ સાથે આ પ્રોજેકટોને જિલ્લા વ્યાપી સફળતા સુધી પહોચાડયા છે. SKOCH સમિતિએ સાબરકાંઠાના આ પ્રયાસોને RURAL DISTRICT GOVERNANCE EXCELLENCE નું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ માત્ર બે પ્રોજેકટનુ સન્માન નથી, પરંતુ સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ અને સંકળાયેલા તમામ વિભાગોના સંકલીત પ્રયાસોનુ પ્રતિબિંબ છે. નવી




દિલ્હી ખાતે આ એવોર્ડ સ્વીકારી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગુજરાત તથા સાબરકાંઠા જિલ્લાનુ ગૌરવ વધાર્યુ છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીત્યા બાદ ભાજપ એકશન મોડમાં: કમલમમાં બેઠકોનો ધમધમાટ શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર



સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત બાદ હવે સંગઠનાત્મક માળખાને મજબુત કરવાની કવાયત તેજ બની ગઈ છે. આ અંતર્ગત ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ચુંટણીના પરીણામો જાહેર થયા બાદ પાર્ટી હવે વિવિધ શહેરો અને જિલ્લાઓમાં મહત્વના હોદ્દાઓ પર નિમણુંક કરવા માટે ગંભીરતાથી વિચારણા કરી રહી છે.

આ મહત્વપૂર્ણ બેઠકમાં મુખ્યત્વે મેયર અને સ્ટેન્ડિગ કમિટીના ચેરમેન જેવા પ્રતિષ્ઠિત હોદ્દાઓ માટેના નામો પર ચર્ચા કરવામાં આવશે. આ પ્રક્રિયામાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની પ્રત્યક્ષ હાજરીમાં વિગતવાર મંથન હાથ ધરવામાં આવશે. પાર્ટીનો ઉદેશ એવા ચહેરાઓની પસંદગી કરવાનો છે. જે સ્થાનિક સ્તરે મજબુત નેતૃત્વ પુરૂ પાડી શકે તેમજ આવનારી વિધાનસભાની ચુંટણીઓ અગાઉ ભાજપના કેટલાક નારાજ નેતાઓને સાથે લઈ પ્રજાના વિકાસના કામોમાં સહભાગી બને તેમજ શાસન વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવી શકે તેવા ચહેરાની પસંદગી કરવાની છે.

પાર્ટીના આંતરીક સુત્રોના જણાવ્યા અનુસાર સંગઠનને વધુ સક્રિય અને લોકોની વચ્ચે લઈ જવા માટે અનુભવી અને નિષ્ઠાવાન કાર્યકરોને પ્રાધાન્ય આપવામાં આવશે. આ નિમણુંકો દ્વારા ભાજપ આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં વહિવટી પારદર્શિતા અને વિકાસના કામોને નવી ગતિ આપવા માંગે છે. આ બેઠકમાં શહેર અને જિલ્લા સ્તરના સંગઠનાત્મક માળખામાં પણ જરૂરી ફેરફારો અંગે ચર્ચા થવાની શકયતા છે. ભાજપ દ્વારા આગામી એક અઠવાડીયાની અંદર તમામ મહત્વના હોદ્દેદારોની નિમણુંક પ્રક્રિયા પૂર્ણ કરી લેવાની યોજના છે. એકવાર નામો નકકી થયા બાદ નવા હોદ્દેદારો વિધિવત રીતે પોતાનો કાર્યભાર સંભાળશે. આ નિર્ણયને પગલે રાજયના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. કારણ કે આ નિમણુંકો આગામી પાંચ વર્ષ માટે સ્થાનિક શાસનનુ ભવિષ્ય નકકી કરશે. સમગ્ર રાજયમાં ભાજપના શાસન હેઠળની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં કોણ સુકાન સંભાળશે તેના પર સૌની નજર ટકેલી છે. કમલમ ખાતે લેવાનારો આ નિર્ણય માત્ર વહિવટી જ નહી પરંતુ વ્યુહાત્મક રીતે પણ મહત્વનો માનવામાં આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિકાસના કામોમાં ઝડપ આવશે અને નવા ચુંટાયેલા પ્રતિનિધિઓ જનતાના પ્રશ્નોના ઉકેલ માટે સક્રિય થશે.

# ગોપાલ ઈટાલીયાને પોલીસ અધિકારીઓ અને વહિવટી તંત્રને દલાલ કહેવુ પડયુ મોંઘુ: ગુજરાત આઈપીએસ એસોસીએશને રાજય ચુંટણી આયોગમાં કરી ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના માહોલ વચ્ચે રાજકીય નિવેદનબાજીએ હવે કાયદાકીય અને વહિવટી વળાંક લીધો છે. ગોપાલ ઈટાલીયાએ પોલીસ માટે વાપરેલા અપમાનજનક શબ્દોના વિરોધમાં ગુજરાત આઈપીએસ એસોસીએશને રાજય ચુંટણી આયોગમાં ફરીયાદ કરી છે.

મળતી માહિતી અનુસાર ગુજરાતમાં રાજકીય નિવેદનબાજીએ હવે વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ સાથે સંઘર્ષની સ્થિતિ પેદા કરી છે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા સીનીયર પોલીસ અધિકારીઓ અને વહિવટી તંત્રને દલાલ કહીને સંબોધવામાં આવતા વિવાદ વકર્યો છે. આ અશોભનીય ભાષા સામે ગુજરાત આઈપીએસ એસોસીએશને સખત વાંધો ઉઠાવ્યો છે. એસોસીએશનના મતે જાહેર મંચ પરથી આ પ્રકારે ઉચ્ચ અધિકારીઓનુ અપમાન કરવુ એ માત્ર વ્યકિતગત હુમલો નથી, પરંતુ સમગ્ર પોલીસ ફોર્સના નૈતિક મનોબળને તોડવાનો પ્રયાસ છે. આ મામલે હવે ચુંટણી આયોગને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

નોંધનીય છે કે આ વિવાદની ગંભીરતાને ધ્યાને લઈને આઈપીએસ એસોસીએશનના અધ્યક્ષ અને અમદાવાદ પોલીસ કમિશ્નર જી એસ મલીક દ્વારા રજુઆત કરવામાં આવી છે. તેમની સાથે નાયબ અધ્યક્ષ પીયુષ પટેલ અને એસોસીએશનના સચિવ નિપૂર્ણા તોરવણેએ પણ આ મામલે ગૃહ વિભાગ અને રાજયના પોલીસવડાને પત્ર લખીને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢયુ છે. એસોસીએશનનુ કહેવુ છે કે જવાબદાર પદ પર બેઠેલા લોકપ્રતિનિધિ દ્વારા સીનીયર અધિકારીઓ માટે આવા અપશબ્દોનો પ્રયોગ કરવો એ લોકશાહીની ગરીમાની વિરૂધ્ધ છે. ઉલ્લેખનીય છે કે ગોપાલ ઈટાલીયા દ્વારા એક વિડીયો શેર કરવામાં આવ્યો હતો. જેમાં ગોપાલ ઈટાલીયાએ સીનીયર પોલીસ અધિકારીઓ અને વહિવટી તંત્રને દલાલ કહીને સંબોધવામાં આવતા વિવાદ વકર્યો છે. આ અશોભનીય ભાષા સામે ગુજરાત આઈપીએસ એસોસીએશને સખત વાંધો ઉઠાવ્યો છે.

### થરાદ સેશન્સ કોર્ટનો ચુકાદો

# સુઈગામમાં સગીરા પર દુષ્કર્મ મામલે નરાધમને ૨૦ વર્ષની કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

આ કરુણ ઘટના ત્યારે બની જ્યારે ભાઈને તાવ આવતો હોવાથી ૧૧ વર્ષની માસૂમ બાળા દુકાને બિસ્કિટ લેવા જઈ રહી હતી. રસ્તામાં આરોપી પ્રકાશ માવજીભાઈ પઢિયાર પોતાના ઘરના ઓટલે બેઠો હતો. તેણે બાળાને લલચાવવા માટે ૨૦ રૂપિયા આપી પોતાની માટે પણ બિસ્કિટ મંગાવ્યા હતા. જ્યારે બાળા બિસ્કિટ લઈને પરત આવી, ત્યારે આરોપી ઘરની અંદર જતો રહ્યો અને બાળાને બિસ્કિટ આપવાના બહાને અંદર બોલાવી હતી. માસૂમ જેવી અંદર ગઈ કે તરત જ નરાધમે તેને ગોંધી લીધી અને તેની પર દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત કોઈને પણ કાંઈ પણ કહીશ તો તને તથા તારા પરિવારને મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી.

આ સગીરાએ પેટમાં દુખાવાની ફરિયાદ કરી ત્યારે પરિવારને સત્યની જાણ થઈ હતી. શરૂઆતમાં બદનામીના ડરે સમાધાનની વાતો થઈ હતી, પરંતુ ન્યાય માટે પરિવારે મક્કમ બની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા આ પરિવારની બે દીકરીઓ અને બે દીકરાઓમાં આ ઘટનાથી ભારે આઘાત વ્યાપી ગયો હતો. આ કેસમાં સરકારી વકીલ આર.ડી. જોશીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટના ન્યાયાધીશ પી.એમ. સાયાણીએ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પોક્સો (POCSO) અને કલમ ૩૭૬ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ઉપરાંત ૧,૭૫,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ૭ મહિનાની સખત કેદની સજા ભોગવવી પડશે. ઉપરાંત દંડની રકમમાંથી પીડિત બાળાને વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. આ ચુકાદાથી સમાજના આવા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને પીડિત પરિવારને ન્યાય મળ્યો છે.